**समानो मन्त्रः** (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ સપ્ટેમ્બર : ૨૦૦૯ અંક : ૩


**: પરામર્શનસમિતિ :**

**નારાયણ દેસાઈ**
પ્રમુખ

**ભોળાભાઈ પટેલ**
વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ



**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com





**અ નુ ક્ર મ**


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | નારાયણ દેસાઈ |
| **પરિષદ-પ્રમુખ પરિચય** | મૂલ્યનિષ્ઠ, સત્ત્વશીલ શબ્દસેવી ભગવતીકુમાર શર્મા ● મનસુખ સલ્લા |
| **કવિતા** | બે કાવ્યો ● નિરંજન ભગત, ચાર ગીત ● ચન્દ્રકાન્ત શેઠ |
| **વાર્તા** | હીંચકો ● ગુણવંત વ્યાસ |
| **ભારતીય સાહિત્ય** | રવીન્દ્રનાથનાં બે કાવ્યો ● શૈલેષ પારેખ |
| **પ્રકીર્ણ** | લંડન બુક ફેર – એક સ્મરણીય સાહિત્યયાત્રા ● વર્ષા અડાલજા |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | નમૂનેદાર સંશોધનગ્રંથ : ‘અમે બોલીઓ છીએ’ ● દક્ષા વ્યાસ, હાસ્યક્ષેત્રે નવી જ રંગપૂરણી કરતો સર્જક ● હરીશ વટાવવાળા |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવલ |
| **આવરણચિત્ર** | અમૃતલાલ વેગડ |

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯



## પરિષદ-પ્રમુખનો પત્ર

અમેરિકાના નેવાર્કથી શ્રી અનંત શેઠે ફર્માઈશ કરી કે ('ગાંધીજયંતી' અંગે) ત્રણચાર સારા બોલનારાઓમાં મારું પણ નામ છે. ગાંધીજી વિષે ઘણું ચીલાચાલુ બોલવા કરતાં આપની પાસેથી સરસ લખાણો, જે ગાંધીકથામાં છે તેમજ જે આપે અવારનવાર વર્ણવ્યાં છે તેવાં. પંદર મિનિટ બોલી શકાય એટલી વિગતે જોઈએ છે.''

અમેરિકામાં ફાસ્ટફૂડનું ચલણ આપણા કરતાં વધુ. એટલે એમની પાસે પંદર મિનિટથી વધારે સમય હોય પણ શી રીતે ? મને ગાંધીકથા સારુ ઓછામાં ઓછા પંદર કલાક જોઈએ ! પણ કોઈકનેય મારા મુદ્દાઓ ઉપયોગી જણાતા હોય તો આ રીતે સુધ્ધાં ગાંધીવિચારને ફેલાવવાનું મારું મિશન થોડું આગળ ધપે એવી આશાએ મેં તેમને કેટલાક મુદ્દાઓ મોકલી આપ્યા, તેને કાંઈક વિસ્તારી, કાંઈક મઠારી 'પરબ'ના વાચકો સારુ રજૂ કરવાની રજા લઉં છું.

૧. ગાંધીજીની મૂળ શોધ સત્યની હતી. સત્ય એટલે સાચું બોલવું એટલી સાદી સમજમાંથી એ શોધ વધુ ને વધુ વિસ્તરતી અને વધુ ને વધુ ઊંડી ઊતરતી ગઈ. એનો બીજો તબક્કો આવ્યો સત્ય એટલે મન, વચન અને કર્મથી સત્ય; જેવું વિચારીએ તેવું બોલીએ અને જેવું બોલીએ તેવું જ કરીએ, ત્યાં સુધી તેઓ પહોંચ્યા. સત્યની એમની વ્યાખ્યા જ પછી મન, વાણી અને કર્મની એકવાક્યતા એવી થઈ ગઈ. અને એ વ્યાખ્યા મુજબ ડગલે ને પગલે તેઓ પોતાની જાતને તપાસતા રહ્યા. ત્રીજે પગલે તેઓ સત્ય શબ્દની મૂળ ધાતુ સત્ સુધી પહોંચ્યા. જે અસ્તિત્વ છે તે જ સત્ય છે. અને પછી જે અસ્તિત્વ માત્રમાં પ્રવર્તે છે તે જ સત્ય છે. એટલે જ એમને ઈશ્વરનું સૌથી ઉત્તમ માત્ર સત્ય લાગ્યું.

૨. માનવજાતને ગાંધીજીની મુખ્ય દેણ સત્યાગ્રહની. આ સત્યાગ્રહની મૌલિક ગુણવત્તા આપણે તપાસીએ. અત્યાર સુધી માણસજાત કોઈ પણ પ્રકારના પરિવર્તન કરાવવા સારુ બે પ્રકારનાં સાધનો વાપરતી. કાં લોભનું સાધન, કાં ભયનું સાધન. બાળક પજવતું હોય તો મા એને શાંત રાખવા એને ચૉકલેટ કે આઇસક્રીમની લાલચ આપે. અને છતાંય જો એ ન માને તો એને ધમકાવે કે ધોલધપાટ કરે. શિક્ષક વિદ્યાર્થીને કાં ઊંચા ગુણ આપે, કાં નાપાસ કરે. લશ્કરી અમલદાર કાં સૈનિકોને ચાંદ આપે કાં સજા ફટકારે. ધર્મગુરુ કાં ભક્તોને સ્વર્ગની આશા આપે કાં નરકની બીક દેખાડે. માણસ પાસે પોતાનું અપેક્ષિત કામ લેવાનાં બે જ પ્રેરક તત્ત્વો હતાં – લોભ અથવા ભય. ગાંધીજીએ સત્યાગ્રહ દ્વારા એક ત્રીજા પ્રેરક તત્ત્વને ઉજાગર કર્યું. માણસ એમ તો એના ઘણા વ્યવહારમાં એ તત્ત્વને વાપરોત જ આવ્યો હતો, પરંતુ તેને રાજકીય, આર્થિક કે બીજા ક્ષેત્રે એટલા સભાનપણે વાપર્યું નહોતું. એ ત્રીજું પ્રેરક તત્ત્વ એટલે પ્રેમનું તત્ત્વ. પ્રેમ વડે સામેનાને ફેરવી શકાય છે. સત્યાગ્રહ વિષે ગાંધીજીએ ત્રણ પર્યાયવાચી શબ્દો વાપર્યા હતા : સત્યનું બળ, પ્રેમનું બળ અને આત્માનું બળ. આ ત્રણે પર્યાયવાચી શબ્દોમાં સર્વસામાન્ય શબ્દ હોય તો તે બળ છે. અત્યાર સુધી પ્રેમને કે અહિંસાને લોકો એક નિષ્ક્રિય (પૅસિવ) શબ્દ માનતા હતા, તેને ગાંધીજીએ સત્યાગ્રહ દ્વારા એક સશક્ત, સક્રિય અર્થ આપ્યો. સત્યાગ્રહી પૂરા સત્ય એટલે કે ન્યાયને

વરેલો હશે. પોતાના પક્ષે એને જો ક્યારેક અસત્ય કે અન્યાય દેખાય તો તે જ ઘડીએ એનો એકરાર કરીને એનું માર્જન કરશે. અહિંસા એટલે જ સક્રિય પ્રેમ, એની શક્તિ જળ જેવી. આંખ જેવા કોમળ અવયવને ધોતાં પણ જળ એને હાનિ ન પહોંચાડે અને સુનામી સમી તાકાતથી એ ગમે તેવી કઠોર તાકાતને પણ પિગળાવે. આત્માની તાકાતને લીધે દરેકમાં આત્માનું સમાન તત્ત્વ રહેલું છે એવા વિશ્વાસ સાથે સત્યાગ્રહી જાતે કષ્ટ વેઠીને પોતાના દર્દની પીડા સામા સુધી પહોંચાડવાની શ્રદ્ધા ધરાવે. ગાંધીજીએ પોતાના જીવનમાં અનેક સત્યાગ્રહ દ્વારા આ ત્રણે તાકાતોને દુનિયા આગળ પ્રગટ કરી હતી.

૩. સત્યને, એટલે કે સમગ્ર જીવનને, ગાંધીજી અખંડિત રૂપમાં જ જોતા હતા. તેથી તેમને કોઈ પણ વિષય અંગે જુદાં જુદાં ધોરણો ખપતાં નહોતા. વ્યક્તિગત જીવનમાં તો માણસ સત્યનિષ્ઠ કે ઈમાનદાર હોય, પણ વેપાર કે વકીલાત કે રાજકારણમાં તો સત્યને કોરે મુકાય એ વાત ગાંધીજીને માન્ય નહોતી. વ્યક્તિગત ગુણ જુદા અને સામાજિક મૂલ્યો જુદાં એની માન્યતાએ આપણા સમાજનાં ઘણાં દૂષણો પેદા કર્યાં છે. એ જ રીતે જ્ઞાનના કોઈ એક વિભાગનો સંબંધ સમગ્ર જ્ઞાન સાથે હોવો જોઈએ એમ ગાંધીજી દઢપણે માનતા. તેથી એમ કહેતા કે અર્થશાસ્ત્રને નીતિશાસ્ત્ર સાથે કાંઈ લેવાદેવા નથી એમ જો માણસ માનતો થઈ જશે તો એમાંથી અનર્થ થશે. એ જ રીતે વિજ્ઞાનને પણ તેઓ મૂલ્યનિરપેક્ષ માનવા તૈયાર નહોતા. વિજ્ઞાન અને ટેક્નૉલોજીનો વિચાર પણ માનવીય મૂલ્યસાપેક્ષ જ કરવો જોઈએ એમ તેઓ માનતા. આમ સત્ય વિષે, જીવન વિષે, જ્ઞાન વિષે તેઓ સમગ્રતાવાળું (હોલિસ્ટિક) વલણ ધરાવતા હતા.

૪. ગાંધીજીને એક અમેરિકન પાદરીએ ત્રણ પ્રશ્નો પૂછેલા અને તેના જવાબો તેમને ૧૦ મિનિટમાં જ આપવાના હતા, કારણ ૧૦ મિનિટ પછી કોઈ બીજાની મુલાકાત શરૂ થવાની હતી. ગાંધીજીએ ડૉ. મૉટ નામના એ પાદરીના ત્રીજા પ્રશ્નનો જવાબ તો થોડા વિસ્તારથી આપેલો કારણ કે તેમાં પોતાના જીવનમાં જેનાથી એમને કાંઈક ખરું ઘડતર થયું હોય એવા પ્રસંગનું વર્ણન કરવાની માગણી કરી હતી. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના પીટર મૉરિત્સબર્ગ સ્ટેશન પર પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં તેમને રંગદ્વેષની પરંપરાને લીધે ડબ્બામાંથી બહાર પ્લૅટફૉર્મ પર ધકેલી કાઢવામાં આવ્યા હતા. તે પ્રસંગ વર્ણવ્યો હતો. પણ ડૉ. મૉટના બીજા બે પ્રશ્નોના જવાબ તેમણે ખૂબ ચોટડૂક રીતે એક એક વાક્યમાં આપ્યા હતા. આ વાક્યો પાછળ તેમનું ચિંતન અને તેમની નિસ્બત પ્રગટ થતાં હતાં.

ડૉ. મૉટનો પહેલો પ્રશ્ન એ હતો કે આપના દીર્ઘ જીવનમાં અનેક વાર સંકટકાળો આવ્યા છે. એવી કઈ શક્તિ હતી કે જેણે આપને સંકટકાળ ટાણે ટકાવી રાખવાની તાકાત આપી ? ડૉ. મૉટને કદાચ એવી અપેક્ષા હશે કે ગાંધીજી આ પ્રશ્નના જવાબમાં પોતાની ધાર્મિક નિષ્ઠાની વાત કરશે. પણ ગાંધીજીએ પોતાના જવાબથી ડૉ. મૉટને ચકિત કરી નાખેલા. 'હિન્દની પ્રજાના સ્વભાવ વિષે મારી મોટી શ્રદ્ધા.' ભારતના કરોડો લોકોને અપૂર્વ નેતૃત્વ પૂરું પાડવા પાછળ કદાચ આ પ્રશ્નનો ગાંધીજીએ જે જવાબ આપ્યો હતો, તે શક્તિ કામ કરતી હશે.

૫. ડૉ. મૉટનો બીજો પ્રશ્ન એ હતો કે અત્યારે આપના મનમાં સૌથી મોટી ચિંતાનો વિષય કયો છે ? એમને કદાચ અપેક્ષા હશે કે ગાંધીજી ભારતની ગુલામીનો પ્રશ્ન કહેશે. અથવાતો કદાચ ભારતની ગરીબીનો પ્રશ્ન પણ કહે. કદાચ ડૉ. મૉટે આ પ્રશ્ન પૂછ્યો જ એટલા સારુ હોય કે ગાંધીજી આ મહાપ્રશ્નોમાં કયાને પ્રાથમિકતા આપે છે તે સમજાય. પણ આંગળીને વેઢે ગણાય એટલા શબ્દોમાં ગાંધીજીએ આ પ્રશ્નનો જે જવાબ આપ્યો, તે એમની અપેક્ષા કરતાં સાવ જુદા પ્રકારનો હતો. ગાંધીજીએ કહ્યું : ''Callousness of the intellectualsfs એટલે કે બૌદ્ધિકોની હૃદયશૂન્યતા અથવા હૃદયજાડ્ય.'' આ એવો જવાબ હતો કે જે તે કાળના ભારતને જ માત્ર લાગુ ન પડે, પણ ગુલામી, ગરીબી કે વિષયના અનુભવતા કોઈ પણ દેશને કોઈ પણ કાળે લાગુ પડે એવો હતો. સમાજમાં મોટાં પરિવર્તનોની શરૂઆત ગણ્યાગાંઠ્યા લોકોની સંવેદનશીલતાથી થતી હોય છે. બૌદ્ધિકોમાંથી થોડાઘણા પણ જો પોતાના સમાજના પીડિતો પ્રત્યે હમદર્દી રાખે તો દયામાં કૃતિ જોડાય એટલે કરુણા ઉત્પન્ન થાય અને એમાંથી જ ક્રાંતિનું ઝરણું ફૂટતું હોય છે. દુનિયામાં થયેલી ઘણી ઘણી ક્રાંતિઓના મૂળમાં જઈએ તો આપણને સમજાશે કે અન્યાયને, દુરાચાર કે સામાજિક પીડાને દૂર કરવાના આયાસનો પ્રારંભ કેટલાક અસામાન્ય બૌદ્ધિકોની સંવેદનાથી થયો હોય છે. ગાંધીજીને કદાચ એ વિષયની ખાતરી હતી કે દેશની ગુલામી તો જશે જ. એમને ચિંતા એ વિષયની હતી કે એ ગુલામીને કાઢવાની પ્રવૃત્તિમાં બૌદ્ધિકો કેવી રીતે સક્રિય થાય. એમની લાગણીની જડતા જો દૂર થાય, માત્ર પોતાની સાંકડી દુનિયાના સંકુચિત સ્વાર્થથી બહાર નીકળીને તેઓ સમાજની વ્યાપક પીડા વિષે સભાન થાય, સહૃદય થાય, તો એ લાગણી એમને સક્રિય બનાવ્યા વિના ન રહે. એમ જો બૌદ્ધિકો સંવેદનાપૂર્ણ ચેતના અને સક્રિયતા દેખાડે તો પછી મોટામાં મોટા અન્યાયને દૂર કરવા સારુ જોઈતું વાતાવરણ નિર્માણ થાય.

૬. ગાંધીજી વિષે વિચાર કરતાં કે એમના પ્રદાનનું મૂલ્યાંકન કરતી વેળા એક બાબતનું ખાસ ધ્યાન રાખવા જેવું છે. ગાંધીજીએ પોતાના જીવનની શરૂઆત કોઈ અસાધારણ પ્રતિભા લઈને કરી નહોતી. મારા-તમારા જેવા એક સામાન્યજન તરીકે જ તેમણે જીવનનો આરંભ કર્યો હતો. તે અવસ્થામાંથી તેઓ આટલા અસાધારણ વ્યક્તિત્વ સુધી કેવી રીતે પહોંચી શક્યા ? એનું કારણ એ હતું કે એઓ નિત્ય વિકાસશીલ હતા. લગભગ એમના જ શબ્દોમાં કહીએ તો સત્યની ટૂંકે ટૂંકે તેમણે આરોહણ કર્યું હતું. આને લીધે એવું બનતું કે તેઓ એક જ વિષય પર જુદે જુદે કાળે જુદા જુદા વિચાર ધરાવતા થયા હોય. નાનપણમાં અંધારામાં ઘરની ઓરડીમાંથી બહાર નીકળતાં ડરનારો મોહન દુનિયાની સૌથી મોટી મહાસત્તાનો સામનો કરી શકે એવો નિર્ભય બન્યો. એક કાળે યુદ્ધપ્રયાસો સારુ રંગરૂટ ભેગા કરનાર ગાંધી બીજે કાળે યુદ્ધમાત્રનો વિરોધી બન્યો, એક કાળે એક જ જાતિમાં વિવાહ કરાવનાર આશ્રમવાસી જો લગ્ન કરનાર જોડામાં એક સવર્ણ અને એક દલિત નહીં હોય તો તે લગ્નમાં પોતે હાજરી ન આપવાનો નિશ્ચય જાહેર કરે છે. આમ સદા પરિવર્તનશીલ, નિત્ય વિકાસશીલ વ્યક્તિત્વનો વિચાર ન કરીએ તો ગાંધીજીને આપણે અન્યાય કરી બેસીએ. આ જ કારણસર તેમણે લખીને જાહેર કરી રાખ્યું છે કે જો એમનાં બે લખાણોમાં અભ્યાસુને વિસંગતિ જેવું લાગે તો બેમાંથી પાછલા લખાણને જ એમના તરીકે માન્ય રાખવું. કારણ આગલા લખાણના ટપ્પાને તો એ તે પહેલાં જ ઓળંગી ગયા હસે !

૭. ગાંધીજીના જીવન અને ચિંતનમાં આપણને બે મોટી વિચારધારાઓ કે સંસ્કૃતિઓનો સંગમ થયેલો જોવા મળે છે. માણસની સંસ્કૃતિને ઉત્તરોત્તર ખીલવનાર બે

તત્ત્વો રહેલાં છે. એમાં એક છે ચિત્તશુદ્ધિનું તત્ત્વ. આપણા દેશમાં આ દિશામાં હજારો વર્ષોથી ચિંતન, મનન, પ્રયોગો અને આચરણ થયાં છે. આપણા સેંકડો કે હજારો સંતો, ઋષિમુનિઓએ ચિત્તશુદ્ધિ દ્વારા ગુણવર્ધન કરતા જતાં મોક્ષ, નિર્વાણ કે બ્રહ્મનિર્વાણ સુધી પહોંચવા સારુ સાધના કરી છે. એવું જ એક બીજું કલ્યાણકારી તત્ત્વ સામાજિક ક્રાંતિનું છે. જ્યાં સુધી સમાજનાં મૂલ્યો, એના ઘટકોના પરસ્પરના સંબંધો અને એનાં માળખાં ન બદલો ત્યાં સુધી વ્યક્તિગત રીતે ગમે તેટલા ઉત્તમ દાખલાઓ મળે પણ આખી માનવજાત આગળ વધે નહીં, એવા ખ્યાલે આ વિચારધારાએ ક્રાંતિ સારુ પુરુષાર્થ કર્યો છે. સમાજક્રાંતિની દિશામાં પણ માણસજાતે અનેક મક્કમ પગલાં માંડ્યાં છે. પરંતુ આ વાંને પ્રવાહો જ્યાં સુધી એકલવાયા વાહે છે, ત્યાં સુધી બંને અપૂર્ણ રહે છે. ગાંધીજી જેઓ સત્યને અખંડ રીતે જોતા હતા, તેમને એ બાબત સમજાઈ કે માનવતાને આગળ લઈ જનાર આ બંને પ્રવાહોનો સંગમ થવો જોઈએ. ચિત્તશુદ્ધિનું અંતિમ પરિણામ સમાજક્રાંતિમાં આવવું જોઈએ અને સમાજક્રાંતિનું માધ્યમ ક્રાંતિકારીના ચિત્તની શુદ્ધિ હોવું જોઈએ. સાધનશુદ્ધિના આગ્રહની પાછળ આ ગાંધીજીનો વિચાર મુખ્ય હતો. ઇતિહાસને આજને તબક્કે ચિત્તશુદ્ધિ અને સમાજક્રાંતિના વિચારપ્રવાહોનો સંગમ માણસજાતના વિકાસ સારુ અપરિહાર્ય થઈ ગયો છે.

ઉપરોક્ત મુદ્દાઓનો ઉલ્લેખ મેં શ્રી અનંત શેઠ ઉપરના પત્રમાં કર્યો, જેનો અહીં થોડો વિસ્તાર કર્યો છે. આ મુદ્દાઓ પરથી અભ્યાસ કરનારાઓને ગાંધીજીની એક મોટી લાક્ષણિકતા – તેઓ જીવન પ્રત્યે હકારાત્મક રીતે જોતા તેની પાછળનું રહસ્ય સમજાશે. જીવનના છેલ્લા દિવસોમાં ઠેઠ ત્રીજી નવેમ્બર ૧૯૪૭ને દિવસે, જ્યારે તેમનાં લગભગ બધાં સપનાં ચકનાચૂર થઈ ચૂક્યાં હતાં અને તેઓ દેશ-વિભાજનની વ્યથાના રોજેરોજના સાક્ષી હતા, ત્યારે તેમણે એક પત્રમાં લખ્યું હતું : ''હું જીવી રહ્યો છું, કેમ કે મારે માટે જીવન એક મહાન સત્ય છે. અને જીવનને હું પરમાત્માના અંશ તરીકે માનું છું, એટલે એ પ્રસાદીનું જતન કરું છું.'' અને એના થોડા સમય પહેલાં જ તેમણે એક પત્રકારને કહ્યું હતું કે, ''હું નિરાશાવાદી તો હરગિજ નથી, કારણ હું આસ્તિક છું.''

**નારાયણ દેસાઈ**



# પરિષદ-પ્રમુખ પરિચય

## મૂલ્યનિષ્ઠ અને સત્ત્વશીલ શબ્દસેવી ભગવતીકુમાર શર્મા



૧૦૫ વર્ષ જૂની ગુજરાતી સાહિત્ય પરિષદને ઉત્તમ સર્જકો, વિચારકો અને કર્મઠ સમાજધૂરિણો પ્રમુખ તરીકે મળ્યા છે. પરિષદનાં અનેક વહેણ અને વળાંક વચ્ચે સ્થિર તત્ત્વ છે સાહિત્યની ગતિવિધિને પ્રોત્સાહન અને પોષણ આપવાનું. એ કાર્ય અખંડપણે થયું છે. એટલે સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે કોણ આવે છે તે અંગે સંવેદનશીલ ભાવકો અને સર્જકો ઉત્સુક હોય છે. ૨૦૧૦-૧૧ના બે વર્ષ માટે, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વિખ્યાત સર્જક, વિશિષ્ટ વિચારક, નિર્ભિક પત્રકાર અને લોકહિતના હામી એવા શ્રી ભગવતીકુમાર શર્માની બિનહરીફ વરણી થઈ છે.

શ્રી ભગવતીકુમાર શર્મા (જ.તા. ૩૧-૫-૧૯૩૪) સર્જક તરીકે ઊંચું ગજું ધરાવે છે. નવલકથાકાર, કવિ, વાર્તાકાર, નિબંધકાર તરીકે તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. રિક્તા, વ્યક્તમધ્ય, સમયદ્વીપ, ઊર્ધ્વમૂલ અને અસૂર્યલોક તેમની ગણનાપાત્ર નવલકથાઓ છે. 'અસૂર્યલોક'ને ભારતીય સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ગુજરાતી નવલકથા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ તેમને દર્શક એવૉર્ડ પ્રાપ્ત થયેલો છે. તેમના બાર નવલિકા સંગ્રહોની વાર્તાઓને વાચકોનો વ્યાપક આવકાર મળેલો છે. એમના નવ કાવ્યસંગ્રહો અને ત્રણ પ્રતિનિધિ સંપાદિત સંગ્રહોનાં કાવ્યોએ પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કવિ તરીકે ભગવતીકુમાર શર્મા અગ્રણી હરોળમાં છે. આઠ નિબંધસંગ્રહોમાં ભગવતીકુમારની આગવી મુદ્રા પ્રગટ થાય છે. ઉપરાંત ત્રણ વિવેચનસંગ્રહો, પાંચ હાસ્ય-વ્યંગના સંગ્રહો, પ્રવાસકથા (અમેરિકા), આત્મકથા, ત્રણ પ્રવચન પુસ્તિકાઓ, તંત્રીલેખોનો સંગ્રહ તથા અનુવાદનાં છ પુસ્તકો મળીને તેમનાં સીત્તેર જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. તેમની નવલકથાઓ અને નવલિકાઓના હિન્દી, મરાઠી, તેલુગુ, અંગ્રેજીમાં અનુવાદો થયા છે. સર્જક, વિચારક અને પત્રકાર તરીકે ભગવતીકુમાર શર્માની મૂલ્યનિષ્ઠા, સત્ત્વશીલતા અને શબ્દોપાસના વ્યાપક રીતે સ્વીકૃત છે. એમને રણજિતરામ ચંદ્રક, ગોવર્ધનરામ પુરસ્કાર, ક્રિટિક્સ એવૉર્ડ, નંદશંકર ચંદ્રક, કુમારચંદ્રક, કલાપી પુરસ્કાર, સ્વામી સચ્ચિદાનંદ સન્માન, નચિકેતા પારિતોષિક, મેઘાણી પુરસ્કાર, તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડી. લિટ.ની માનદ પદવી એનાયત થયેલ છે. તા. ૨૫-૧૨-૦૯ના રોજ નવસારી મુકામે મળનાર ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં શ્રી ભગવતીકુમાર શર્મા પરિષદના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળશે.

શ્રી ભગવતીકુમાર શર્માના કાર્યકાળ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની પ્રવૃત્તિઓનું વધુ સુચારુ રૂપ નિપજાવશે અને કેટલાંક નવપ્રસ્થાન કરશે તેવી વાજબી આશા રાખી શકાય તેમ છે.

**મનસુખ સલ્લા**

# કવિતા

## બે કાવ્યો | નિરંજન ભગત

### ૧. આપણે બે પ્રેત

આપણે બે પ્રેત હવે માત્ર પરસ્પરની સ્મૃતિમાં ભમી રહ્યાં,
અને આ સામે સદેહે જે છે તેને સદા દિનરાત દમી રહ્યાં.

વર્ષો લગી જ્યારે મળ્યાં ત્યારે કેવું હસ્યાં, કેવું રડ્યાં, કેવું લડ્યાં,
પરસ્પરમાં ક્યારેક એવું તો ખોવાઈ ગયાં, શોધ્યાં નહિ જડ્યાં;
જાણે સ્થળને સીમા કે કાળને અંત ન હોય એમ રમી રહ્યાં.

આજે હવે હોઠ વિના હસવાનું અને આંખ વિના રડવાનું,
મળ્યા વિના મળવાનું, ન લડવાનું, ન ખોવાઈને જડવાનું;
આપણે બે પડછાયા, હવે ધીરે ધીરે શૂન્યતામાં શમી રહ્યાં.

### ૨. તમે ક્યાં વસો છો ?

તમે ક્યાં વસો છો ?
જાણું નહિ કે તમે રડો છો કે હસો છો !

તમે આંસુ સારો,
મને ભીંજવી ન શકે;
તમે સ્મિત ધારો,
મને રીઝવી ન શકે;
એમ તમે નિત દૂર ને દૂર ખસો છો !

પાસે નહિ આવો ?
પાછું નહિ વળવાનું ?
કશું નહિ કહાવો ?
મૃત્યુમાં જ મળવાનું ?
જાણું નહિ તમે કયા લોકમાં શ્વસો છો !

## ચાર ગીત | ચંદ્રકાન્ત શેઠ

### ૧. ગાંઠ નથી આ છૂટતી

ગાંઠ નથી આ છૂટતી,
નથી ગાંઠ આ તૂટતી.
બંધામણમાં ક્યાં લગ રહેવું ?
અવડપણું તે ક્યાં લગ સ્હેવું ?
સૂરજ આવી દિયે ટકોરા
રાત ન કેમે ખૂટતી ! –
આસમાન તો કહે છે : ‘આવો,
ચાંદસૂરજનો લો ચકરાવો;’
પણ મારું આ પંખી પોઢ્યું
પાંખ ન એની ઊઠતી ! –
વાદળ આવે, વીજળી લાવે,
ચાસ ચાસ એ મોતી વાવે,
પણ મારી આ કલમે કૂંપળ-
કળી ન કોઈ ફૂટતી ! –
ગાંઠ મારતાં હું ગંઠાયો;
કેટકેટલો સંકોડાયો !
મારી મુઠ્ઠી વળી વળીને
મારું ગળું જ ઘૂંટતી ! –

૨૮-૩૦-૬-૨૦૦૯

### ૨. વેણુસ્વરે વિકસવું મારે

હર્યુંભર્યું હસવું છે મારે;
વ્હાલ મહીં વસવું છે મારે ! –
સાચ હોય ત્યાં શીળી છાયા,
ત્યાં જ બાંધવી માયા;
મૂળ નાખતાં વિસ્તરવું ત્યાં,
જ્યાં હરિવર હરખાયા !
મળ્યું કનક તો કસવું મારે;
સકળ સુધાથી રસવું મારે ! –

ધરવ હોય ત્યાં ધરતી મારી,
તપ ત્યાં તીરથ સારાં;

સમતા જ્યાં ત્યાં રામ રમંતા,
ત્યાં મંદિર સૌ મારાં !
ગોરસ મળ્યું પીરસવું મારે,
વેણુસ્વરે વિકસવું મારે !

૧૫-૧૬-૬-૨૦૦૯

### ૩. તારી ભેરી વાગે ને...

તારી ભેરી વાગે ને હું ઘરમાં સૂતો રહું ?
સુણાય તારાં પગલાં, શાને બંધ બારણે રહું ?

તારો સૂરજ જોઈ જોઈ સૌ સૂરજમુખીમાં ખીલું;
તું ચમકે જો ચિદાકાશમાં, છલક્યા કરું છબીલું;
તારા ઢાળે ઢળી ઢળી સૌ હદ સોંસરવો વહું ! –

ઉંબર મારા, ડુંગર તારા – કશું ન આવે આડું;
બતાવ ક્યાં ઠરવાનું છેવટ, હિસાબ એનો માંડું;
ઘણું ઘણું કહેવું છે, જો તું કાન ધરે તો કહું ! –

૧૪-૫-૨૦૦૯

### ૪. ધૂંવાંપૂંવાં શી ધરતી !

ધૂંવાંપૂંવાં શી ધરતી !
પવન આટલો, ધૂળ આટલી,
આંખ લાલ શી કરતી ! –

જે પોતીકાં, તે જ બધાંએ ઘરમાં ખાડા પાડ્યા;
મીઠાં ઝાડનાં મૂળ તેમણે ખોદી ખોદી વાઢ્યાં;
મેલ-પોપડા ચઢ્યા કાઢવા ખુદને શી ખોતરતી ! –

ચંદન સરખી નહીં ચાંદની, સુખડ સમા નહીં તડકા;
અહીં તો પોતીકાનાં પાપે ભયના ભડભડ ભડકા;
ધોકે ધોકે વાદળ ધોતી વ્યાકુળ વીજ વકરતી ! –

વેરઝેરના મુક્કે કડકડ હેમખેમની છાતી !
થોરીલાતોરીલા શ્વાસે ગગનત્વચા તરડાતી !
ગીધ અહીં ઘેરાતાં શાને ? કોની માટી મરતી ? –

૧૫-૧૬-૬-૨૦૦૯



# વાર્તા

## હીંચકો | ગુણવંત વ્યાસ

સ્ટેશનેથી નીકળી ક્રોસિંગે પહોંચ્યો ને લાલ લાઇટે ઊભા રહેવું પડ્યું. ઊભા રહેતાં જ નજર આજુબાજુ ન ઘૂમતાં, ઈશાન ખૂણાના ફ્લૅટના બીજા માળની બાલ્કનીમાં હસતાં – હીંચકતા દંપતી પર જ સીધી જઈ પહોંચી. ગઈ કાલવાળાં જ એ બન્ને સ્ત્રી-પુરુષ હતાં. ગઈ કાલે આ જ રીતે, આ જ સમયે, આ જ સ્થળેથી આ જ બન્નેને આ રીતે જ હસતાં-હીંચકતાં જોયાં હતાં. એ હસતાં-હસતાં હીંચકે છે કે હીંચકતાં-હીંચકતાં હસે છે એ નક્કી નહોતું થઈ શકતું. ગઈ કાલે આકસ્મિક જ એમના પર નજર પડેલી. બાકી, મારે ખાસ આડુંઅવળું જોવાની ટેવ નહીં. નહીં તો આ જ રસ્તે દોઢ દાયકાથી નિયમિત આવનજાવન કરું છું. જતાં તો નહીં, પણ વળતાં તો લગભગ આ રસ્તે ઊભા રહેવાનું બન્યું જ હોય. ક્યારેક લીલી લાઇટ હોય ને ટાઇમર વધુ સમય બતાવતો હોય તો આસાનીથી પસાર થઈ જવાય. નહીં તો, લીલી લાઈટે દસ-બાર સેકન્ડ બતાવતા ટાઇમરને દૂરથી જ જોઈને સ્કૂટર મારી મૂકવાનું ! કટોકટીભર્યા સમયમાં ઝડપથી પસાર થવાનો પણ એક નશો હોય છે ! ન જ નીકળી શકાય એવું હોય તો પછી દૂરથી જ સ્કૂટરને ફ્રી કરી દઉં. જે પેટ્રોલ બચ્યું એ ! બાકી, નીકળી જવા માટેની સંભવિત તમામ શક્યતાઓને ચકાસી જોવાની; તક જોતાં, પોલીસદાદાની નજર ચૂકવીને છટકી જવામાં જોખમ તો ખરું જ ! પોલીસદાદાની હડફેટે ચડી ગયા તો પચાસની પાવતી ફાટી જ માનવી ! ધારીએ તો, એ પચાસમાં પાંચ દિ'નું પેટ્રોલ નીકળી જાય, અઠવાડિયાનું શાક પણ આવી જાય ને મહિના-દાડાના, બાળકોના પેન-પન્સિલના ખર્ચા પણ, ધારીએ તો એમાંથી કાઢી શકાય. પણ ક્રોસિંગ પાર કરવાનું ઝનૂન જ જુદું હોય. સવારે ટ્રેન પકડવાની ઉતાવળે દોડધામભરી જિન્દગીનો અનુભવ આવા સમયે ખપમાં લાગે. ક્રોસિંગે ક્રોસિંગે આ રીતે ઊભો રહેતો જાઉં તો સ્વાતિએ લખાવેલા લિસ્ટ મુજબની વસ્તુઓ ખરીદતાં જ રાત ઊતરી આવે. એ કરતાં સમયસર ઘરે પહોંચી, ગૅસનો બાટલો આવ્યો નથી કે બાથરૂમનો નળ લિકેજ છે કે બાળકોની ફી ભરવાની છે કે તેલનો ડબ્બો થઈ રહ્યો છે વગેરે વગેરે વૈકલ્પિક 'કે'ની વચ્ચેનાં વ્યવધાનોનાં સમાધાનો શોધતાં શાંતિથી સાંજ ન પાડું ! એઈને પછી, રઝળતા છાપામાં સ્થાનિક સમાચાર જોતાં જોતાં નિશ્ચિત એવી એકાદ મનોરંજનની ચૅનલ માણીશ ને ક્યારેક અધરાતે-મધરાતે આવેગને ઠારતાં, એલાર્મની મીઠી ટ્યૂને ચાર-ચાલીસે જાગી જઈશ !

કાલે જ જોયેલાં. આ પહેલાં દેખાયાં નથી કે જોયાં નથી એ સ્પષ્ટ નથી કહી શકતો; પણ કાલે માત્ર જોવા ખાતર જ જોયેલું. ઓચિંતી જ નજર એમના પર પડેલી. આમ તો, રોજ ક્રોસિંગ પાસે ઊભા રહી મોટાં મોટાં હોર્ડિંગ્સમાં બદલાતી રહેતી જાહેરાતોમાં હસતાં સ્ત્રી-પુરુષોના ચહેરાઓ નીરખતો. જોકે, એમાંયે ખાસ ઝાઝો રસ નહીં. પણ લીલી લાઇટ ન થાય ત્યાં સુધી ત્રીસ-ચાલીસ સેકન્ડ કરવું શું ? ક્યારેક કોઈ સારું પ્રોડક્શન સસ્તા દરે મળવાની કે કોઈ એક સાથે એક ફ્રીની સ્કિમ જોઈ હોય ને સ્વાતિના લિસ્ટમાં એ ઉમેરાઈ હોય તો

Parab Online
September 2009
Page: 6

એટલો લાભ રહે. કાલે કોણ જાણે કેમ, પણ નજર લંબાતી લંબાતી ઈશાન ખૂણાના ફ્લૅટના બીજા માળની બાલ્કનીમાં હીંચકે ઝૂલતાં સ્ત્રી-પુરુષ પર જઈ બેઠી. ક્ષણ-બે ક્ષણ જોયા પછી પાછી ફરેલી નિર્વિકાર નજરે ખાસ કંઈ નોંધ્યું નહોતું. ને ઘરે જઈને હુંયે રાબેતા મુજબની જિન્દગી જીવવા લાગ્યો હતો. ચાર-ચાલીસે એલાર્મે જગાડ્યો ત્યારથી આ પાંચ-પિસ્તાલીસના તેર કલાકમાં કેટલા ભૂત, ભવિષ્ય ને વર્તમાને આવન-જાવન કરી; પણ એકાદી પળેય એમાંનું એકેય સ્મૃતિમાં ઝળક્યું નહોતું. બસ, આ ફરી ચોવીસ કલાકે એને જોતાં જ કાલનું સ્મરણ તાજું થયું. હા, આ પહેલાં, આ સ્થળે, આ સમયે, આ જ રીતે અનેક વાર ઊભો રહ્યો છું. પણ પહેલી નજરનું કોઈ નિશ્ચિત સ્થાન આ પૂર્વે નિર્ધારિત નહોતું. ક્યારેક ડાબે તો ક્યારેક જમણે, બસ નજર માત્ર ફર્યા કરતી ને વચ્ચે વચ્ચે ટાઇમરને જોયે રાખતી. આજે પહેલી જ વાર, કાલે જોયેલી જગ્યાએ જ નજર સીધી કેમ પહોંચી ગઈ ? કોણ જાણે ! ટાઇમરે કાઉન્ટ-ડાઉનની સેકન્ડ શરૂ કરી ને મેં સ્કૂટર નમાવી કિક મારી. જતાં જતાં નજરે ફરી ઈશાન ખૂણામાં જોયું ને પછી વધતી જતી મોંઘવારી, આગામી મહિને છૂટનારો ઇજાફો, પત્નતી માટે બી.પી.ની ગોળી ને પડોશીના છોડ માટેનું છાણિયું ખાતર વગેરેમાં ખૂપવા લાગ્યો.

સવારે ચાર-ચાલીસે જાગીને છ-દસની મેમુ પકડવા નીકળ્યો ત્યારે રસ્તો સૂનકાર હતો. ક્રોસિંગની લાલ-લીલી લાઇટોની જગ્યાએ ચાલુ-બંધ થતી પીળી લાઇટનો પ્રકાશ, રસ્તા સાથે સંતાકૂકડી રમતો, ‘જોઈને જવાનો’ સંકેત સૂચવતો હતો. ઈશાન ખૂણાના ફ્લૅટના બીજા માળની બાલ્કની પર ચાલુ સ્કૂટરે જ એક નજરે જોઈ લીધું. હીંચકો સ્થિતપ્રજ્ઞની જેમ શાંત ભાવે સ્થિર ઊભો ઊભો અંધારી પાંચમની શીતળ ચાંદનીમાં ન્હાઈ રહ્યો હતો ! આજે પાંચમ થઈ કે સાતમ ? કોણ જાણે, અંધારિયું છે કે અંજવાળિયું ! આ તો બે દિવસ પહેલાં છાપાની કોઈ પૂર્તિમાં ઝાડવાને સંદર્ભે વાંચેલી પંક્તિનું ઓચિંતું જ સ્મરણ થઈ આવ્યું. ખરું છે મન ! આવી પંક્તિઓમાં ખોવાયેલો રહું તો ખુદનુંય કામ ભૂલી જાવ ! ઑફિસમાં આઠ કલાક ઓછી ઉપાધિ હોય છે કે આવી આડી-અવળી લાઇને અળવીતરું મન આંટાફેરા કર્યે રાખે ! ઠીક છે, એ બધું. કવિતા-વાર્તામાં શોભે; રોજિંદા જીવનમાં આવી પંક્તિઓના લોકોય દાંત કાઢે !

ઑફિસે તો નહીં, પણ વળતાં પાંચ-પાંત્રીસે સ્ટેશને ઊતરતાં જ પેલો હીંચકો મનમાં ઝૂલવા લાગ્યો. ક્રોસિંગ પરની લાલ લાઇટે ઊભા રહેવાની વ્યવસ્થા કરી આપી. દૂરથી જ ઈશાન ખૂણાના ફ્લૅટના બીજા માળની બાલ્કનીમાં હીંચકે ઝૂલતાં સ્ત્રી-પુરુષને જોતાં જ મન મલક્યું. એને જોવામાં સ્કૂટર બોર્ડર-લાઇનને ક્રોસ કરતું બે ડગલાં આગળ નીકળી, ઝિબ્રા-ક્રોસિંગ પર ઊભું રહ્યું એનોય ખ્યાલ ન રહ્યો. પોલીસદાદાએ નજીક આવી, સ્કૂટરના આગલા ટાયરે ડંડો ઠોક્યો ત્યારે જ ભાન થયું ને પગેથી જ બે ડગલાં સ્કૂટર પાછળ હડસેલ્યું. આ હીંચકો હમણાં જ મારા પચાસ ડુબાડત એવું બે ઘડી લાગ્યું. પણ મન હીંચકેથી ન જ ખસ્યું. સ્ત્રી-પુરુષ નવાં પરણેલાં હોય એવું તો લાગતું નહોતું. વૃદ્ધ પણ ન કહી શકાય, પ્રૌઢ તો જરૂર હશે જ. છતાંયે એમનો ઝૂલતો ખિલખિલાટ એમની પ્રૌઢિને જોજનો દૂર રાખતો, જોજનો દૂરનાને આકર્ષી શકતો હતો. એમના ચહેરાના ભાવોને કળવા નાકની દાંડીએ નમી ગયેલાં ચશ્માંને થોડાં ઉપર ચડાવી, દૂરનું નિકટથી જોવા કોશિશ કરી. પ્રસન્નતા સિવાય ક્યાં કશું વર્તાતું હતું ત્યાં ! એ પ્રસન્નતાનું રહસ્ય ઝૂલો જ હશે ? કોણ જાણે ! ટાઇમરે ગ્રીન સિગ્નલ થવાનો સંકેત દર્શાવતાં જ સ્કૂટરને નમાવી કિક મારી. હીંચકો પાછળ રહી ગયો એવું મારું માનવું હતું, પણ ખરેખર હીંચકો પાછળ પડ્યો હોય એવું લાગતું હતું. ખરીદી કરીને ઘરે પહોંચ્યો ત્યાં લગી હું ક્રોસિંગે જ મને અટવાયેલો લાગતો હતો. મને વાગોળવું ગમવા લાગ્યું હતું એ દશ્ય : ઝૂલતો હીંચકો, ખિલખિલાટ દંપતી, વેરાયેલી પ્રસન્નતા ને બસ, બીજું કંઈ નહીં. એમને ક્રોસિંગ પરની આ લાલ-લીલી લાઇટના ઇશારે દોડતી, અટકતી, ભાગતી, ભાગવા કરવા મથતી આ ટ્રાફિકરમતમાં રસ નહીં હોય ? ત્રણ દિવસ થયા. એમને આ તરફ નજર સુધ્ધાં કરતાં નથી ભાળ્યાં. એવું તો એકબીજામાં ખોવાઈને શું શોધતા હશે ? કોને ખબર ! ઘરે પહોંચ્યો ત્યારે દરવાજાની જાળીએ ટીંગાઈને વળ ખાતા રશ્મિને સ્વાતિ ખિજાઈ રહી હતી. મને જોતાં જ એની ફરિયાદો શરૂ થઈ ગઈ :

‘વારો આ તમારા લાડલાને. કહ્યું કરતો જ નથી ને ! નવરો પડ્યો નથી ને જાળિયે વળ ખાધા નથી ! હીંચકી-હીંચકીને તોડી નાખશે પછી કરાવજો હમી, રુપિયા ખર્ચીને !’

કોણ જાણે કેમ, પણ રૂપિયા ખરચવાની વાત આવ્યા પછીયે હું તેને રોકી ન શક્યો. મને યાદ આવી ગયા, એને ઘોડિયું છોડાવવાના અમારા અવનવા અખતરાઓ. જાગ્યો નથી ને ઘોડિયું માગ્યું નથી. એવી એની હઠાગ્રહી આદત છોડાવતાં અમે હાંફી ગયેલાં. લાલચ આપીને, ડરાવીને ને અંતે મારી-ધમકાવીને ય ઘોડિયું ન જ છોડાવી શક્યાં ત્યારે ઘોડિયું જ છોડી નાખીને માળિયે મૂકી દીધેલું. બાપ રે ! ત્રણ દિ’ સુધી એ કાંઈ રડેલો ! એ તો દિ’માં બે-ત્રણ વખત બાળાગોળી આપીને થોડો ઘેનમાં રાખ્યો ત્યારે આઠ-દસ દિવસે માંડ ઘોડિયું ભૂલી શકેલો. પણ એની વળ ખાવાની આદત તોયે ન જ ગઈ. ‘છો એ શોખ પૂરો કરી લે !’ એવું હું વિચારી શક્યો; પણ સ્વાતિને એવું વિચારવું પાલવે તેમ નહોતું. ખેંચીને એ રશ્મિને ઘરમાં લઈ ગઈ. ને મેં એનેય એમ કરવા દીધું. ‘ઘરમાં ઝૂલો હોય તો બન્નેને રાજી રાખી શકાય’ એવું એ ઘડીએ મને લાગ્યું. આવતા મહિને સ્વાતિના જન્મદિને નાનકડા ઝૂલાની ભેટ આપી હોય તો ?!! આમેય આવતા મહિને ઇજાફો છૂટવાનો જ છે ને ! હીંચકાના હપ્તાનો જોગ તો આરામથી થઈ જશે. વિચારીએ !

વિચારતાં રાત પણ થઈ ગઈ ને સવાર પણ પડ્યું. ફરીથી ચાર-ચાલીસે જાગ્યો. પાંચ-પચાસે સ્ટેશને પહોંચી, છ-દસની મેમુ પકડી. આઠથી ચારના ઑફિસ-અવર્સમાં કામની વચ્ચે ઝૂલતો રહી પાંચ-પિસ્તાલીસે ક્રોસિંગે પહોંચ્યો ત્યાં સુધી હીંચકાને મનમાંથી હડસેલી ન જ શક્યો. એ હીંચકે પેલાં હસમુખાં નર-નારી જ ઝૂલતાં દેખતાં હતાં. બસ, આ રીતે જ સ્વાતિ સાથે હીંચકવાની એક તમન્ના મારાય મનમાં જન્મી હતી. પણ સ્વાતિને કહેવું નથી. એને તો સરપ્રાઇઝ જ આપવી છે. બાળપણમાં હું, તેમ એય ઝૂલી જ હશે. મને તો પપ્પા રજાના દિવસે સયાજી બાગ લઈ જતા. ભર પેટ ઝૂલ્યો’તો ત્યારે. પછી તો બાગ, તેમ ઝૂલોય છૂટ્યો. હા, લગ્ન થયા પછી એક વાર મુંબઈ ગયેલાં. એસ્સેલ વર્ડની જુદી જુદી રાઇડ્સમાં કૉલંબસ નામની, વહાણ આકારની રાઇડે વિરાટના હીંડોળાનો અનુભવ કરાવેલો. આઠમું ભણતો ત્યારે આવી જ કોઈની કવિતા આવતી. સાહેબે ગોખવા દીધેલી. નહોતી આવડી, તે સાહેબે મારેલો; ને ક્લાસ પૂરો થાય ત્યાં લગી બેન્ચ પર ઊભા રહી ગોખવા કહેલું. એમાં આ ‘વિરાટનો હીંડોળો’ એવું એવું કંઈક યાદ રહી ગયેલું. આજે તો કવિતાય ભુલાઈ ગઈ છે ને ઝૂલવુંય ભુલાઈ ગયું છે. મેળ ખાય તો આ રવિવારે રશ્મિને સયાજી બાગ લઈ જવો છે; ને વેકેશનમાં વેત થશે તો કબીરવડ.

દૂરથી જ લાલ લાઇટ જોઈને મલક્યો ત્યાં જ લીલી લાઇટ થતી ભાળી. સ્કૂટર લગભગ

ધીમું જ કરી દીધું ને ટાઇમર સાથે સ્પિડોમિટરનો આંક ઘટાડવા લાગ્યો. નીકળી જવાશે કે શું ?! બૅલેન્સ સાચવવા પૂરતું જ સ્કૂટર ગતિમાં રાખ્યું. ‘થૅન્ક ગૉડ !’ ક્રોસિંગ-બોર્ડર પર પહોંચતાં જ લાલ લાઇટ થઈ ને અંદર ન કળી શકાય એવી કંઈક અનુભૂતિ ! ઈશાન ખૂણાના ફ્લૅટના બીજા માળની બાલ્કનીમાં આજેય તેઓ હીંચકે ઝૂલતાં હતાં. કોણ હશે એ ? ક્યાંથી આવ્યાં હશે ? શું કરતાં હશે ? કોઈ કામ, ધંધો, વ્યવસાય કે નોકરી નહીં હોય ? કે પછી ઝૂલવું એ જ એમનો એકમાત્ર જીવનમંત્ર હશે ? આમ જ દિવસભર ઝૂલતાં રહેતાં હશે કે પછી સાંજને સમે, નવરાશની પળોમાં, મારા આવવાના ટાઇમે જ ઘડી-બે ઘડી બસ, એમ જ ઝૂલી લેતાં હશે ? જોકે, મારા મનમાં તો એમનું એક અવિરત ઝૂલતું ચિત્ર જ અંકાઈ ગયું છે. સનાતન ઝૂલતા એ ઝુલાએ મને જ ડોલાવી દીધો છે. એના ઝૂલવાથી જાણે ચૈતન્ય ઝૂલી રહ્યું છે. એના ઝૂલવા સાથે ઉત્તર-દક્ષિણના બે ધ્રુવો જોડાઈ રહ્યા છે. એના ઝૂલવાથી ખીલતું હાસ્ય ને પ્રગટતી પ્રસન્નતાએ આસપાસના અસ્તિત્વને જાણે કે વિસારે પાડી દીધું છે. ને એના ઝૂલવાથી... એના ઝૂલવાથી... શું કહું ? સાલ્લા શબ્દો જ મળતા નથી ! ભણવા ટાણે કવિતામાં ને એવા બધામાં ધ્યાન રાખ્યું હોત તો આજે આ ઝૂલવાને વધુ સમજી શકત. જોકે સમજાય છે, પણ એને શું કહેવું એ સમજાતું નથી. પણ... પણ એમ લાગે છે કે એના ઝૂલવાની સાથે ચોતરફ ઊગી નીકળેલી આત્મીયતા આગળ પેલા પ્રશ્નો જાણે કે ગૌણ બનીને ઓગળી રહ્યા છે. પાછળ ઊભેલાં વાહનોની કિક અને સ્ટાર્ટરના અવાજે ઝબકીને જોયું તો લીલી લાઇટ થવાને બે જ સેકન્ડની વાર હતી. ઝડપથી સ્કૂટર નમાવી કિક મારી; ને તૂટતી નજરને સાંધતો, તોડતો, સાંધતો ને ફરી તોડતો હું આગળ વધ્યો.

લિસ્ટની એક પછી એક વસ્તુ ખરીદતાં વચ્ચે ફર્નિચર માર્ટ આવ્યું ને ઊભા રહી જવાયું. બજેટમાં બંધ બેસે એવા ઝૂલા જોયા. બે-એકમાં બેસીને બે ઘડી હીંચક્યો પણ ખરો ! ગમ્યું. ઘેરે-ઘેરે એક ઝૂલો તો હોવો જ જોઈએ એવું બેસતાં જ થઈ આવ્યું. આવતા મહિને તો વસાવી જ લેવો છે. બે વ્યક્તિ આસાનીથી બેસી શકે એવા એક ગમતા ઝૂલાને મનમાં વસાવી હું ઘરે પહોંચ્યો. સ્વાતિ રોજિંદા ઘરકામમાં ઝૂલી રહી હતી. રશ્મિ હોમવર્કમાં ઝોલાં ખાઈ રહ્યો હતો. મને ડોલતો આવતો ભાળીને સ્વાતિનો કિચૂડાટ શરૂ થયો :

‘તેલ થઈ રહ્યું છે. ખાંડ પણ લાવવાની છે. કાલે લખાવતાં જ ભૂલી ગયેલી. અત્યારે તો ખીચડી મૂકી દીધી છે. સવારે ચાલે એટલી ખાંડ છે, પણ કાલે ભુલાય નહીં, જોજો. લિસ્ટમાં અત્યારે જ લખી લો.’

હું રોજની જેમ સ્વાતિની ફરિયાદો, રશ્મિની માગણીઓ, ખરીદીનું લિસ્ટ, વાસી થવા આવેલા છાપાના સમાચારો કે નિશ્ચિત જોવાતી મનોરંજનની ચૅનલોમાં આજે ન જ ખૂંપી શક્યો. હીંચકો મને હચમચાવી ગયો હતો. વળી-વળીને મન પાછું, ક્રોસિંગ પરના ઈશાન ખૂણાના ફ્લૅટના બીજા માળની બાલ્કનીમાં હીંચકે ઝૂલતાં પતિ-પત્ની પાસે જ પહોંચી જતું હતું. ગમે તે થાય, એમની જેમ જીવી લેવું છે. ઝૂલવું છે જીવનભર, સ્વાતિની સાથે આમ જ. એય રાજી થઈ જશે, ઝૂલતી-ઝૂલતી. બસ, પછી તો ઑફિસેથી આવી ઝૂલે જ ચા-નાસ્તો પતાવવાનો. સ્થાનિક સમાચારોય ઝૂલે જ જોઈ લેવાના. ને મેળ ખાય તો ઝૂલતાં-ઝૂલતાં ટી.વી. પણ જોઈ લઈશું. હીંચકો ઘરમાં તો ગોઠવી શકાય તેમ નથી. ડ્રૉઇંગરૂમની આગળના પૅસેજમાં કદાચ આવી જાય. મનપસંદ હીંચકાનું માપ હજુ મનમાં જ હતું. તેની લંબાઈ-પહોળાઈ જોતાં પૅસેજમાં હીંચકો ગોઠવવામાં ખાસ અવરોધ આવે તેમ નહોતો. ડ્રૉઇંગરૂમની બારી તરફ હીંચકાને ગોઠવીને બારી ખુલ્લી રાખીએ તો હીંચકતાં-હીંચકતાં જ ટી.વી. જોઈ શકાય. પણ એમ કરવા જતાં મુખ્ય રસ્તાથી ઊલટી દિશામાં અમારાં મુખ થાય. ના, એમ નહીં; હીંચકાને એ રીતે ગોઠવવો છે કે આવતાં-જતાંને જોઈ શકાય ને આવતાં-જતાં અમનેય જોઈ શકે. જોકે, હીંચકામાં પછી તો અમે એવાં ખોવાઈ ગયાં હઈશું કે આવતાં-જતાંને જોવાની ફુરસદ જ ક્યાં રહેશે ! મનમાં જ હીંચકતો રહ્યો હું હીંચકા પર ! મેં ચશ્માંને શર્ટથી લૂછીને સ્વાતિ સામે જોયું. સ્વાતિ મારી સાથે હીંચકે ઝૂલતી મને કળાઈ. એક પતંગિયું ઊડતું આવીને મારા ખભે બેઠું. સ્વાતિ એને જોઈને એવી તો હસી કે બીજાં સાત-આઠ પતંગિયાં ઊડાઊડ કરવા લાગ્યાં. આકાશે આંબતા ઝૂલતા ઝૂલાની સંગાથે જાણે કે અમે વાદળો સંગે વાતોએ વળગ્યાં. વાદળો સાથે કૂંજતાં-ગહેકતાં અમે ટહુકાની મોસમમાં પ્રસન્નતા વીણવા લાગ્યાં. કોઈ સ્વર્ગીય સંગીત અમારા આનંદબાગને ડોલાવતું લાગ્યું. ધીરે ધીરે એ એટલું તો તીવ્ર બન્યું કે મેં ઝબકીને જોયું તો મોબાઇલમાં સેટ કરેલો એલાર્મ રણકતો હતો.

ચાર-ચાલીસનો આંક ઘડિયાળમાં જોતાં જ હું ઊઠ્યો. પરવાર્યો એટલે સીધો જ ક્રોસિંગે પહોંચ્યો. હીંચકે બે-ઘડી ઊભો રહ્યો. હીંચકો પણ ઊભો જ હતો. મને જોતાં જ જાણે કે એ ઝૂલવા લાગ્યો. મારી કલ્પનાએ મને તેમાં હીંચકતાં સ્ત્રી-પુરુષ દેખાયાં. ચશ્માંને નાકની દાંડી પર સહેજ ઊંચા કરીને જોયું તો એ ચહેરાઓ પરિચિત લાગ્યા. સ્ત્રીમાં સ્વાતિ ને પુરુષમાં મને ભાળતાં જ હું રોમ-રોમ મલક્યો. પણ આ હીંચકો ઓચિંતો જ કેમ ધૂંધળો જણાવા લાગ્યો ? મેં ફરીથી ચશ્માંના કાચ લૂછી નાકની દાંડીએ સહેજ ઊંચા ટેકવી જોયું. હીંચકો ખરેખર ઝાંખો જણાયો. ચશ્માંના નંબર વધી ગયા કે શું ? મેં આસપાસ નજર ફેરવી. ઓહ ! આ તો મ્યુનિસિપાલિટીની લાઇટો બંધ થઈ એટલે એવું લાગ્યું ! મેં ઘડિયાળમાં જોયું તો છ થઈ ગયા હતા. ઝડપથી સ્કૂટર નમાવી, કિક મારી સ્ટેશન તરફ મારી મૂક્યું.

મેમુ ઊપડવાની તૈયારીમાં જ હતી. થોડો મોડો પડ્યો હોત તો હમણાં જ ચૂકી જવાત. કલ્પના હમણાં જ વાસ્તવથી વિખૂટો પાડી દેત. ડબ્બાની ભીડને ભેદી રોજની નિશ્ચિત જગ્યાએ બેસવા ગયો ત્યાં જ માથે કશુંક પોચું-પોચું અથડાયું. કોઈએ રડતા બાળકને શાંત કરવા ડબ્બાના ઉપલા બે માળિયા વચ્ચે દુપટ્ટો બાંધી ઝોળો બનાવ્યો હતો. માથું ટકરાતાં શાંત બાળક રડવા લાગ્યું. મા એને ફરીથી હીંચકાવા લાગી. ચારની વચ્ચે જગ્યા કરી હું ગોઠવાયો એ દરમિયાન એક સહયાત્રી બબડતો હતો : ‘અત્યારે આણે પવિત્ર કર્યા તો સમજો કે ઑફિસે જઈ રે'વાયું !’ બીજાએ સૂર પુરાવ્યો : ‘છોડાવી નાખો ને ! ન રહેગા બાસ, ન બજેગી બાંસુરી.’ ત્રીજો તો પરાક્રમ દાખવવા ઊભો જ થતો હતો પણ મેં એને રોક્યો. બીજાને વાર્યા. પરિસ્થિતિની ગંભીરતા હું પણ સમજતો હતો. બાળક સુસુ કરે તો કપડાં બગડવાનાં એ નક્કી, ને સવાર-સવારમાં એની શક્યતા પણ વધુ રહેવાની ! આવી જ રીતે એક બાળકે કપડાં બગાડેલાં ને અમે ઝોળો છોડાવી નંખાવેલો એય યાદ આવ્યું. જોકે રાંડ્યા પછીનું ડહાપણ હતું એ ! આથી જ નક્કી કરેલું કે પાણી પહેલાં પાળ બાંધવી ! આમ છતાંયે પાળ બાંધતા મિત્રોને મેં રોક્યા ને પેલી સ્ત્રી પાસે બાળક નીચે ઝોળામાં થોડાં વધુ કપડાં નખાવ્યાં. બાળકનો ઝૂલો ચાલતો રહ્યો. એ ઝૂલો ટ્રેનની ગતિથી ચાલે છે કે ટ્રેન એ ઝૂલાથી ગતિ પામે છે એ કહેવું અઘરું હતું. પણ ટ્રેનના બધા મુસાફરો ઝૂલી રહ્યા હોય એમ મને લાગ્યું.

ફોર્થ સેટર-ડે હોઈ, ઑફિસર્સની હાજરી પાંખી હતી. કામનુંયે ખાસ કંઈ ભારણ નહોતું. મેળ ખાય તો વહેલું નીકળી જવું છે. જોવું છે, પેલાં સાંજે જ હીંચકે છે કે નવરાશની કોઈ પણ પળ હીંચકે જ ખર્ચે છે ? પેલો કામ-ધંધેથી હજુ નહીં આવ્યો હોય તો ? પેલી તો હશે ને ! પેલાની પ્રતીક્ષામાં ઝૂરતી પેલીની ઝૂલતી છબીય જોવી ગમશે. જોઉં તો ખરો, અન્ય સમયે એમના આનંદનો આંક કેવી ઉત્સુકતા જન્માવે છે ! જોકે, પેલું અવિરત ઝૂલતા હીંચકાનું દૃશ્ય ભૂંસાઈ જવાનો ભય હતો. તોયે મન ઝાલ્યું ન જ રહ્યું ને તક મળતાં જ ત્રણ વાગ્યે, તડકાનીયે પરવા કર્યા વિના હું નીકળી પડ્યો. કલાક વહેલો હતો હું. સ્ટેશને ઊતરતાં જ સ્કૂટરને ગતિ આપી ક્રોસિંગનું અંતર ઘટાડતો ચાલ્યો. ક્રોસિંગે પહોંચ્યો ત્યારે સદ્‌ભાગ્યે લાલ લાઇટ જ હતી. નજર સીધી જ ઈશાન ખૂણાના ફ્લૅટના બીજા માળની બાલ્કનીમાં જઈ પહોંચી. પણ આ શું ? દાણા ચણવા ગયેલું પંખી પાછું આવે ને ખ્યાલ આવે કે માળો તો પીંખાઈ ગયો છે, એવું જ કશુંક મેં અનુભવ્યું ! ઈશાન ખૂણો હતો, ફ્લૅટ પણ ત્યાં જ હતો, બીજા માળની બાલ્કની પણ મૂક બની ઊભી હતી. બસ, નહોતો ત્યાં ઝૂલો કે નહોતું કોઈ ઝૂલનાર ! ક્યાં ગયાં ? શું થયું ? કેમ નથી ? વગેરે પ્રશ્નોની વણઝાર મનમાં ફૂટી નીકળી. વહેલો આવીને કોઈ અક્ષમ્ય ભૂલ કરી હોય એવું થવા લાગ્યું. હું મને જ કોસતો રહ્યો. ગળે શોષ પડવા જેવું થઈ આવ્યું. સ્વપ્નમાં તો નથી ને ? – એ જોવા ચશ્માં ઉતારી આંખો ચોળી. ચશ્માંના કાચ લૂછી, ફરીથી એને નાકની દાંડીએ થોડા ઉપર ચડાવી ઝીણી નજરે જોવા કર્યું. ભેંકાર ભાસતી બાલ્કનીમાં નિર્જીવ પાટિયું લટકતું હતું : ‘House on Rent. contact : 9426561915’. પાંચ દિવસથી ચાલી આવતી એક સળંગ યાત્રાને જાણે કે અકસ્માત નડ્યો ને બધું જ વેરવિખેર થઈ ગયું. કેટલાયે દિવસથી એ ત્યાં હીંચકતાં રહ્યાં હશે ! એ સુખદ ક્ષણોનો હું સાત દિવસેય સાક્ષી ન રહી શક્યો ! મને લાગ્યું કે મેં ઘણું-ઘણું ગુમાવી દીધું છે.

પોલીસદાદાના દંડાએ મને જગાડ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે લીલી લાઇટ થઈ ગયાને ચાર સેકન્ડ થઈ ગઈ છે ને પાછળ ઊભેલાં વાહનોનાં કાન ફાડી નાખતાં હૉર્ન મને આગળ વધવા કે મારગ આપવા ચીસાચીસ કરી રહ્યાં છે. મેં ઝડપથી સ્કૂટરને કિક મારી. ઓહ ! નમાવવાનું તો રહી જ ગયું ! નમાવીને કિક મારી, મારતો જ રહ્યો. ગભરાહટમાં કે કેમ, એ ન જ ચાલુ થયું. પેટ્રોલ થઈ રહ્યું કે ? દોરીને સાઇડમાં લીધું. ફરી કિક મારી. હાશ, ચાલું તો થયું ! બે જ સેકન્ડ બાકી હતી લાલ લાઇટ થવાને. પોલીસની પરવા કર્યા વિના જ, સાઇટમાંથી ધસી આવતા ટ્રાફિકથી બચતો, ઝડપથી ક્રોસિંગ છોડી ભાગ્યો.

ઢીલોઢસ થઈને ઘરે પહોંચ્યો ત્યારે રશ્મિની ડ્રૉઇંગબુકમાં હીંચકો આકારાઈ રહ્યો હતો. ઘઉં વીણતી સ્વાતિ, સામે જોયા વિના જ કવર પકડાવતાં, કાયમના સૂરે બોલી : ‘મકાનવેરાનો કાગળ છે. બે હજાર જેવો કંઈક ટૅક્સ છે. રૂપિયાની જોગવાઈ કરવી પડશેને ?’ ‘થઈ રહેશે, આવતા મહિને; ઇજાફો છૂટે જ છે ને !’ કહેતો હું પરસેવાથી તરબતર દેહને ગરમીથી બચાવવા બાથરૂમમાં ઘૂસી ગયો. રસોડામાં વાસણ ખખડ્યાં. ચા ઊકળવાની વાસ આવી. ઓહ ! સ્વાતિએ આપેલું લિસ્ટ તો ભુલાઈ જ ગયું ! મોળી ચા પીવી પડશે કે ?!

r



# ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત વિશિષ્ટ પ્રકાશનો



**[‘મુકામ શાંતિનિકેતન’** : પુ. લ. દેશપાંડે, અનુ. અરુણા જાડેજા, બીજી આ. ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૦+૧૭૮, કિં. રૂ. ૧૦૦/-]

મરાઠીના લબ્ધપ્રતિષ્ઠ લેખક શ્રી પુ. લ. દેશપાંડે બંગાળી ભાષા શીખવા તથા રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યનો સંસ્પર્શ પામવા શાંતિનિકેતન રહ્યા હતા. તે સમયનાં તેમનાં સંસ્મરણો, રવીન્દ્રનાથની સર્જકપ્રતિભા અને શાંતિનિકેતનની ઉત્સવપરંપરા આ પુસ્તકમાં મનોહર રીતે આલેખાયાં છે. પુ. લ.ના સાહિત્યના અભ્યાસી અને તેમનાં કેટલાંક પુસ્તકોનો અનુવાદ કરનાર શ્રીમતી અરુણાબહેન જાડેજાએ એ જ શીર્ષકથી સુંદર અનુવાદ કર્યો છે.

આ પુસ્તકના પ્રથમ ખંડમાં રોજનીશી છે, દ્વિતીય ખંડમાં બંગ-ભાષા શીખવા માટેનો સ્વાધ્યાય છે અને તૃતીય ખંડમાં શાંતિનિકેતનમાં ઊજવાતા વર્ષામંગલના ઉત્સવનું હૃદયંગમ વર્ણન લેખકે આપ્યું છે; તેમજ રવીન્દ્રનાથના પત્ર-સાહિત્ય, રવીન્દ્રનાથ અને શરદબાબુવિષયક તેમજ અન્ય લેખો છે.

ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ અપ્રાપ્ય થઈ અને ગુજરાત યુનિવર્સિટીમાં એનો પાઠ્યક્રમમાં સમાવેશ થતાં ‘મુકામ શાંતિનિકેતન’ની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત થઈ છે.

**[‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧’** (૧૧૫૦-૧૪૫૦) પ્ર. આ. સંપાદકો : ઉમાશંકર જોષી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ, સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી. બીજી આવૃત્તિ : શોધન-સંપાદન : રમણ સોની, પરામર્શક; ચિમનભાઈ ત્રિવેદી, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૧૪+૩૧૨, કિં. રૂ. ૧૪૦/-]

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઈ. સ. ૧૯૭૩થી ઈ.સ. ૧૯૮૧ દરમિયાન ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ચાર ગ્રંથો પ્રગટ કરવામાં આવેલા. એ ચારેય ગ્રંથો ઈ.સ. ૨૦૦૧થી ઈ. સ. ૨૦૦૫ દરમિયાન સંવર્ધિત આવૃત્તિ રૂપે પુનર્મુદ્રિત થયા છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસનો પ્રથમ ગ્રંથ ઈ.સ. ૨૦૦૬માં પુનર્મુદ્રિત થયેલો અને હાલ તે અપ્રાપ્ય હોવાથી તેનું ત્રીજું પુનર્મુદ્રણ કરવામાં આવે છે. આ ગ્રંથમાં ગુજરાતી સાહિત્યના મધ્યકાળ (ઈ.સ. ૧૧૫૦થી ઈ. સ. ૧૪૫૦)નો ઇતિહાસ આલેખાયો છે. તેમાં ગુજરાતી ભાષાનો વિકાસ અને તેનાં વિધાયક પરિબળો તથા સાહિત્યિક પૂર્વપરંપરાનું આલેખન થયું છે.

અભ્યાસીઓને આ ઇતિહાસગ્રંથો ઉપયોગી થઈ રહ્યા છે તેનો આનંદ છે.

# ભારતીય સાહિત્ય

## રવીન્દ્રનાથનાં બે કાવ્યો

**શૈલેષ પારેખ**

રવીન્દ્રનાથના આ બંને અલ્પજ્ઞાત કાવ્યો વિલિયમ રેડિચિના અનુવાદથી ધ્યાન પર આવ્યાં. બંને કાવ્યો રવીન્દ્રનાથનાં વૈવિધ્યપૂર્ણ સાહિત્યમાં પણ એક અનોખી ભાત પાડતાં કહી શકાય.

રવીન્દ્રનાથ ૨૬-૯-૧૯૪૦ના દિવસે કાલિમ્પોંગમાં અચાનક માંદા થઈ ગયા હતા. તેના બે જ દિવસ પહેલાં પહેલું કાવ્ય – કાવ્યસંગ્રહ *'જન્મદિને'*નું ૨૦મું કાવ્ય – લખાયું હતું. સારવાર માટે તેમને કોલકતા લાવવામાં આવ્યા હતા અને બીજા બે-અઢી માસ માટે તેઓ પોતાના પારિવારિક આવાસ – જોરાસાંકોમાં રહ્યા હતા. આ સાથેનું બીજું કાવ્ય – કાવ્યસંગ્રહ *'રોગશજ્જાય'*નું છઠ્ઠું કાવ્ય – પણ તે જ અરસામાં – તા. ૧૧-૧૧-૧૯૪૦ના દિવસે – લખાયું હતું.

બંને કાવ્યોનાં રસાસ્વાદ, અર્થઘટન અને અન્ય રવીન્દ્ર-સાહિત્ય સાથેના સંબધ માટે જિજ્ઞાસુનું ધ્યાન રેડિચિના Rabindranath Tagore : Selected Poems (Penguin Publication)ને અંતે આપેલી કાવ્યો અંગેની 'નોંધ' તરફ દોરવું ઘટે.

**જન્મદિને – ૨૦ ૨૪-૯-૧૯૪૦ – કાલિમ્પોંગ**

હું કલ્પના કરું છું,
આજે અસંખ્ય ભાષાના શબ્દો અચાનક બંધનમુક્ત થઈ ગયા છે.
વ્યાકરણના કિલ્લાના લાંબા સમયના કારાવાસમાં,
રોજ રોજની શિસ્તબદ્ધ કવાયતથી કંટાળીને તેમણે એકાએક બળવો પોકાર્યો છે.
વાક્યનાં બંધન તોડીને, કટાક્ષથી શાણપણની સાંકળ તોડીને,
સાહિત્યની મર્યાદાની મશ્કરી કરીને,
બુદ્ધિહીન જગતમાં મુક્ત વ્યક્તિત્વને ઝંખી રહ્યા છે.
તેમના મુક્ત આકાર અને અવાજ માત્ર કાન જ ઓળખી શકે છે.
તે કહી રહ્યા છે,
'પૃથ્વીના પહેલા ઉચ્છ્વાસમાંથી ઉદ્ભવેલા પવનમાંથી જન્મેલા અમે,
રુધિરતાલે ઊભરાતી માનવીની મનોહીન શક્તિનું તેના ગળામાં પહેલું નૃત્ય –
તે જ અમે,
એના શૈશવના પહેલા ઉચ્ચારો, જગતની પહેલી કવિતા, અસ્તિત્વના આદિ ઉદ્ગાર
– એ પણ અમે,
શ્રાવણની છડી પોકારતા, ગિરિકંદરાથી ગર્જતા જળરાશિના સાગરીત અમે,
જગતની જનમેદનીમાં સૃષ્ટિનો ધ્વનિમંત્ર લાવતા પણ અમે.'
વનપર્ણોનો ઉત્સવ નાદ, ઝંઝાવાતના તાલનો નાદ, પ્રભાતે નિશાંતનો નાદ,
– આ બધા નાદમાંથી માણસે પકડ્યો શબ્દ,
નાથ્યો તેને જટિલ નિયમ-સૂત્રની જાળે, જેમ પળાતો સ્વચ્છંદ અશ્વ,
જેથી પહોંચતો સંદેશો દૂર, દૂરના ભાવિ પ્રદેશે,
પલાણેલા, લગામ દીધેલા, શબ્દ પર સવાર થઈ
માણસે સમયની ધીરી ઘડિયાળોને વેગવંતી કરી દીધી છે.
તેના તર્કની ગતિ ભૌતિક અવરોધોને અવગણે છે, અકળ રહસ્યોને વીંધે છે.
શબ્દ-સેનાને યુદ્ધમાં ઉતારી, તે લલકારે છે મૂર્ખતાના આક્રમણને.
પણ ક્યારેક તે બાલિશ કલ્પનાની દુનિયામાં ચોરની માફક છટકી જાય છે,
અવરોધવિહીન, નિદ્રાના ઊતરતા પાણી પર તે તરે છે,
કોઈ પણ તરતા કે કિનારે પડેલા ભંગારને મારી બાંધીને છંદમાં બેસાડે છે.
તેમાંથી મુક્ત વિચરતું માનસ રચતું કલાત્મક સર્જન,
જેને નથી સૃષ્ટિના નિયમ-સૂત્રનું બંધન.
પાતળા, ઢીલા, છૂટા, અનિયંત્રિત તાર છે જેના,
દસ, બાર, ભસતાં, લડતાં કુરકુરિયાં જેવા,
જે એકબીજાને ગળે પકડતા, કરડતા, ચીસાચીસ કરતા,
કોઈ હેતુ વિના, કોઈ અર્થ વિના, કોઈ વેરની ભાવના વિના.
તેમનું હિંસાત્મક વર્તન છે માત્ર દેખાવનું, તેમાં છે માત્ર પોલી ગર્જના.
મારા મનમાં હું આવા અર્થ વિનાના શબ્દોની કલ્પના કરું છું,
તેમના ટોળેટોળા આખો દિવસ ઘૂમતા રહે છે,
જાણે આકાશમાંથી અક્કલ વિનાનાં બાળગીતો ગર્જતાં હોય,
'અગડમ, બગડમ, ઘોરાડમ...'

**રોગશજ્જાય – ૬ ૧૧-૧૧-૧૯૪૦ – કોલકતા**

ઓ મારી 'ચીં, ચીં' કરતી ચકલી, તું છે મારું પ્રભાતપંખી.
છે હજી આછો અંધકાર છવાયો
ને મારી નિદ્રાની અંતિમ ક્ષણોનો રાગ ભૈરવી ગવાયો.
ત્યાં તો મારી બારીના કાચ પર તારી ચાંચની ટક ટક.
–પૂછતી ખબરઅંતર, 'કેમ છો, કેમ નહીં,'
અને પછી નાચતી અને કરતી 'ચીં, ચીં', તારી ધૂન મહીં.
તાલ વિના ઊંચીનીચી થતી તારી પૂંછડી,
અવગણના કરતી બધાં બંધનોની.
પરોઢે ચહેકતા બુલબુલને કવિઓ ગાય છે.
અને જ્યારે સંતાયેલી કોયલ આખો દિવસ એના એ જ પંચમ સૂરમાં બોલ્યા કરે છે,
ત્યારે કાલિદાસ પણ એને વધાવીને બીજા બધા પક્ષીથી ઊંચું સ્થાન આપે છે.
પણ તને તેની પરવા નથી. તને સા, રે, ગ, મ,નું બંધન નથી.
કાલિદાસના ખંડમાં પેસી, તેમના છંદને વેરવિખેર કરવામાં જ તને આનંદ છે.
તું જ્યારે રાજા વિક્રમાદિત્યના દરબારમાં બેઠી હોય છે
અને કવિઓ ગાય છે – ત્યારે એમની કવિતાની તને કાંઈ કિંમત છે ?

તું તો કવિની સમ્રાજ્ઞીની સમીપતર છે અને સાથ આપે છે તેની અવિરત કચકચમાં.
તારે નાચવા માટે નથી કોઈ કરાર વસંત સાથે,
તું ઊછળતી, કૂદતી, કોઈ શિસ્ત વિના તારા નિજાનંદે.
નથી કોઈ નિમંત્રણ તને વનના સંગીત મહોત્સવે,
તું ગપસપ કરતી પ્રકાશ સાથે તારી ભાષામાં,
નથી એના અર્થ કોઈ શબ્દકોષમાં,
અર્થ સમાયો એનો માત્ર તારી ધડકણમાં.
ડાબેથી જમણે ફેરવતી ડોક તારી, રમતી સદા, કોઈ અર્થ વિના,
ખોતરતી જમીન, નહાતી ધૂળમાં.
તું છે જ એટલી લઘરવઘર કે ક્યારેય અસ્વચ્છ ન લાગે !
તું બાંધતી તારો માળો છતના કોઈ ખૂણામાં કે પછી રાજાના દરબારમાં,
– તને ક્યાં કશાનો ફરક પડે છે ?
અનિદ્રાની રાત્રિ પછી હું હંમેશાં રાહ જોતો
મારી બારી પર તારા ટક ટક અવાજની.
જીવનનો નિર્ભય, સ્ફૂર્તિપૂર્ણ, સરળ સંદેશો લાવી આપ મને,
જેથી સર્વ પ્રાણીમાં પ્રાણ પૂરતો સૂર્યપ્રકાશ બોલાવે મને,
ઓ મારા પ્રભાતપંખી, ઓ મારી 'ચીં, ચીં' કરતી ચકલી.



## પ્રકીર્ણ    લંડન બુક ફેર – એક સ્મરણીય સાહિત્યયાત્રા

**વર્ષા અડાલજા**

ફેબ્રુઆરી ૨૦૦૯. એક ઢળતી સાંજે દિલ્હી સાહિત્ય અકાદમીમાંથી ફોન આવ્યો, એપ્રિલ મહિનામાં લંડન બુક ફેર છે, લેખકોના ડેલિગેશનમાં તમારા નામની પસંદગી થઈ છે. પાસપૉર્ટ ચકાસી રાખજો.

અચાનક જ આમંત્રણ મળ્યું હતું. થયું, ભલે તો કહેવાઈ ગયું પણ દેશ પરદેશનાં જાણીતાં સાહિત્યકારોની વચ્ચે એક ગુજરાતી લેખિકાને શું કરવાનું હશે ? થોડા દિવસ પછી કલકત્તા બ્રિટિશ કાઉન્સિલમાંથી નિબેદિતા ઘોષનો ફોન આવ્યો, હવે રોજ કામ પડશે, તમારો ઇ-મેઈલ આપશો ? સૉરી, મેં કહ્યું, સાચું કહું તો હું હજી ટેક્નોસાવી નથી. દીકરીઓની ગિફ્ટ-લૅપટૉપ હજી ટેબલ પર જ શોભે છે. આજ સુધી ગાડું ઠીક ચાલ્યું છે, નાનાં કામો મિત્રો કરી આપે છે.

મારી પડોશી-મિત્ર ગહના મલકાનીના ઈ-મેઈલ પર રોજ પત્રો આવવા લાગ્યા. ડેલિગેટ્સનાં નામ-સરનામાં, લંડનમાં હોલી ડે ઇનની બુકિંગની વિગતો, ફ્લાઇટ ટિકિટ, કાર્યક્રમોની ઝીણામાં ઝીણી વિગતો સાથેની યાદી, લંડનનું હવામાન, નકશા, ચલણ, ટ્રાન્સપૉર્ટ વગેરેની માર્ગદર્શિકા તે એટલે સુધી કે ત્યાં હોટલના તમારા રૂમમાં કેવા સૉકેટ છે અને તમારા ઇલેક્ટ્રિકલ ગેઝેટ્સ માટે કેવો પ્લગ સાથે રાખવો (અને એ પ્લગનું ચિત્ર અને લંડનમાં તેના ભાવ પણ). આનું નામ ઇવેન્ટ મૅનેજમેન્ટ.

લંડન બુક ફેરની એક આગવી ઓળખ છે. અહીં પુસ્તકો વેચાતાં નથી. વિશ્વના અનેક દેશોના પ્રકાશકો, અનુવાદકો, જથ્થાબંધ ખરીદતાં ગ્રાહકો, લિટરરી એજંટ્સ આવે છે. ગ્લોબલ રાઇટ્સનું આ એક મહત્ત્વનું કેન્દ્ર બની રહે છે. પુસ્તકોનાં લેખનનાં, ટેલિવિઝન, ફિલ્મ કે માસ મીડિયાના રાઇટ્સનું પણ ખરીદ-વેચાણ થાય છે. ૨૦૦૪થી એમાં એક નવો ઉપક્રમ યોજાતો આવ્યો છે એ છે માર્કેટ ફોકસ. વિશ્વના કોઈ એક દેશના સાહિત્યવિશ્વની – વિકાસની યાત્રાને ઉજાગર કરવા તે જ દેશને માર્કેટ ફોકસ બનાવે, તે દેશનાં માનદ સાહિત્યકારો, પ્રકાશનગૃહો, સાહિત્યના ક્ષેત્ર સાથે સંકળાયેલી વ્યક્તિઓનાં સેમિનાર્સ, ચર્ચાઓ વગેરેના કાર્યક્રમો થાય.

આ પહેલાં અરેબિક, આફ્રિકા જેવાદેશોને આવરી લેવાયા હતા. આ વર્ષે માર્કેટ ફોકસ હતું ભારત – ઇન્ડિયા થ્રુ ફ્રેશ આઇઝ. સમગ્ર દેશમાંથી સાહિત્યનાં જુદાં જુદાં ક્ષેત્ર સાથે સંકળાયેલી અગ્રગણ્ય ૪૫ વ્યક્તિઓને લંડન બુક ફેર અને લંડન બ્રિટિશ કાઉન્સિલે આમંત્રણ આપ્યું હતું. એમાં અમારું દસ લેખકોનું ડેલિગેશન સામેલ હતું. વિષય, તારીખ, વાર, પેનલિસ્ટનાં નામ, સમયમર્યાદા અને સેમિનાર રૂમ નં. સાથેની ભરચક્ક કાર્યક્રમોની લાંબી યાદી પહેલેથી મળી ગઈ હતી.

સાહિત્ય, પુસ્તક, પ્રકાશન, અનુવાદનાં જુદાં જુદાં એટલાં બધાં પાસાંઓ પર ૫૫ જેટલા સેમિનાર્સ હતા. એનાં શીર્ષકો પણ કેવાં ?

"Home and the World", "Many Avtars of Indian Creative Mind", "Literature of Conflict", "Cities in Literature", "Imagining India – the World of Fiction", "Literature of Identity", "Gender and Sexual Politics", "Literature of Ideas"....

આવા અનેક વિષયો પર લંડનમાં અને બુક ફેર પછી અમારે સાહિત્ય અકાદમીનાં આમંત્રિતોએ બર્મિંગહામ, માન્ચેસ્ટર, એડીનબર્ગ વગેરેમાં India writes, India speaks એ કાર્યક્રમમાં અમારા સર્જન વિષે વાત-વાંચન કરવાનાં હતાં.

બુક ફેરમાં આમંત્રિત લેખકો અને સેમિનારનાં પેનલિસ્ટનાં નામ પણ કેવાં મોભાદાર ! ભારતરત્ન નોબેલ લોરેટ અમર્ત્ય સેન ઇન્ફોસીસના અને હવે ભારતના આઈ. ડી. પ્રૉજેક્ટના પ્રણેતા નંદન નિલકેની (જેમના પહેલા જ પુસ્તક 'ઇમેજિનિંગ ઇન્ડિયા'નો પ્રથમ પ્રિન્ટઑર્ડર ૫૦ હજાર નકલનો હતો, જે પ્રગટ થતાં જ વેચાઈ ગયું), પદ્મભૂષણ હિસ્ટોરિયન રામચંદ્ર ગુહા, નાટ્યલેખક ગિરીશ કર્નાર્ડ, જાવેદ અખ્તર, પ્રસૂન જોષી, 'ચૌરંગી'નાં લેખક શંકર, મૈથિલી ભાષાના કવિ, ડાયરેક્ટર ઑફ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ લૅન્ગવેજીસ ઉદય નારાયણસિંઘ, ભારતીય જ્ઞાનપીઠ એવૉર્ડ મેળવનાર, પદ્મભૂષણ કન્નડ લેખક અનંતમૂર્તિ, પ્રથમ ફેમિનિસ્ટ પબ્લિશિંગ હાઉસ શરૂ કરનાર ઉર્વશી બુટાલિયા, પત્રકારજગતમાં ખળભળાટ મચાવનાર 'તહેલકા'ના તરુણ તેજપાલ...

યાદી ઘણી લાંબી છે અને યાદીમાં યુવાન નામો પણ ખરા. ચર્ચાસભાઓનાં ચેરપર્સન મોડરેટર પણ યુ.કે.ના જાણીતા અંગ્રેજી અને ભારતીય લેખકો, પત્રકારો અને મીડિયા પર્સન્સ હતા. મારું નામ ચાર ઇવેન્ટની પેનલ પર હતું. "જેન્ડર ઍન્ડ સેક્સ્યુઅલ પોલિટિક્સ – વીમેન્સ રાઇટિંગ ઇન ઇન્ડિયા ઍન્ડ સેન્સર્ડ ટંગ". બીજો ઇવેન્ટ હતો "ઇમેજિનિંગ ઇન્ડિયા, ધ વર્લ્ડ ઑફ ફિક્શન. ઇન્ડિયન લિટરલી સીન ટુ ડે." બર્મિંગહામમાં અને માન્ચેસ્ટરમાં મારે મારા સર્જન વિષે વાત કરવાની હતી.

વીઝા પછી મારી વાર્તાઓના અંગ્રેજી અનુવાદની તલવાર માથે લટકતી હતી. કલકત્તા અને દિલ્હીની બ્રિટિશ કાઉન્સિલમાંથી ફોન આવવા લાગ્યા, તમારી નવલિકાઓના અંગ્રેજી અનુવાદ જલ્દી મોકલો. દિલ્હીથી અંતરા દેવસેનનો એસઓએસ, તમારી સરસ નવલિકાનો અંગ્રેજી અનુવાદ મોકલો, પાંચ દિવસની ડેડલાઇન. અંતરા અંગ્રેજી મેગેઝીન 'લિટલ મેગેઝીન'નાં તંત્રી (અમર્ત્ય સેન – નવનીતા દેવ સેનનાં પુત્રી લેખિકા અને પ્રતિષ્ઠિત અંગ્રેજી અખબારોમાં કૉલમિસ્ટ). કલકત્તા બ્રિટિશ કાઉન્સિલનાં નિબેદિતા ઘોષ રોજ ઉઘરાણી કરે, સા. અ. એવૉર્ડ મળ્યો છે તે નવલકથા 'અણસાર' ખાસ સાથે લઈ જજો. એનો અંગ્રેજી અનુવાદ નથી ? – એનો ઉત્તર મારી પાસે નહોતો. અનુવાદની તો ખરી ભાંજગડ છે. બીજી ભાષાની કૃતિઓ આપણે ત્યાં અનૂદિત થતી રહી છે પણ ગુજરાતી ભાષાની સીમા વળોટી આપણું સાહિત્ય બીજે ઓછું પહોંચે છે. સારા અનુવાદકો, જે કૃતિને તેના મૂળ સાથે એક ધરતીમાંથી સાચવીને કાઢી લઈ બીજી ધરતીમાં રોપી શકે એમની જરૂરત હંમેશાં વરતાતી રહી છે.

અચાનક યાદ આવ્યું, ઘણાં સમય પહેલાં અમીના અમીન અને ગીતા ચૌધરીએ મારી બે નવલકથાઓ 'ખરી પડેલો ટહુકો' અને 'મારે પણ એક ઘર હોય'ના અનુવાદો ગુજરાત સાહિત્ય અકાદમી માટે કરેલા. જે સરકારી ફાઈલોમાં અટવાયા હતા. લંડન જવાને થોડા જ દિવસો બાકી, અશક્ય જ કે એનું પુસ્તક મને મળે. તો પણ કિરીટ દૂધાતને ફોન કર્યો ત્યાં ચમત્કાર ! પુસ્તક છપાઈ જ રહ્યું હતું અને લંડન જવાને આગલે દિવસે ગુર્જર પ્રકાશન તરફથી બે કૉપી મળી ગઈ. ઇન્ટરનૅશનલ બુક ફેરના એક્ઝિબિશન કાઉન્ટર પર મૂકી શકાય એવું સરસ પુસ્તક.

મને ગમતી ટૂંકી વાર્તા 'તને સાચવે પારવતિ'નો ઉતાવળે અંગ્રેજી અનુવાદ મંજુ વર્મા પાસે કરાવી અંતરાને દિલ્હી મોકલ્યો. એક મેન્ટલી ચેલેન્જ્ડ દીકરીનાં માતાપિતાની વ્યથાકથાની એમાં વાત છે.

એપ્રિલની એક નમતી સાંજે અમે હીથ્રો એરપૉર્ટની બહાર નીકળ્યા કે કડકડતી ઠંડીએ જે હુમલો કર્યો કે થરથર ધ્રૂજી જવાયું. ઠંડી મારી આજીવન દુશ્મન અને હવે થોડા દિવસ એની જ સાથે પનારો પાડવાનો હતો. અમે ગરમ કપડાંમાં ઢબૂરાઈને વાનમાં બેઠાં હતાં અને અમને લેવા આવેલા બ્રિટિશ કાઉન્સિલના અધિકારીઓ એમની સની વેધરના ગુણગાન ગાતા હતાં. મેં કહ્યું ખરી સની વેધર તો અમારા ભારતમાં છે, અમે બૅગમાં થોડો ઉજાસ તમારા માટેલ આવ્યા છીએ.

વસંત કળાયેલ મોરની જેમ ખીલી હતી અને સમી સાંજના સોનેરી તેજમાં વિવિધ રંગનાં વૃક્ષો અમારું અભિવાદન કરતાં હોય એમ ફૂલોથી લચી પડ્યાં હતાં. કોઈ વૃક્ષ તો જાણે આખું જ ફૂલોનું બુકે ! ધરતીમાંથી રંગોનો ફુવારો ઊઠતો હોય એમ કેટલાંક વૃક્ષો જ આખાં પીળાં ધમરખ, મદભર શ્યામગુલાબી તો કોઈ લાલહિંગળોક ! તામ્રવર્ણનાં વૃક્ષની જોડાજોડ ઝગમગ થતું સુવર્ણ વૃક્ષ. અદ્‌ભુત હતો પ્રકૃતિનો આ હોલકાત્સવ !

સાથે સાથે મંદીના ઓછાયા પણ વરતાતા હતા. અમારી બન્ને તરફ પસાર થતાં ઘણાં મકાનો પર ટુ લેટની જાહેરખબરો દેખાતી હતી. સેન્ટ્રલ લંડનની કેનસિંગ્ટન હોલી ડે ઈનના રિસેપ્શન એરિયામાં અમે પહોંચ્યાં ત્યારે જેમની સાથે અવારનવાર ફોન પર વાત થતી હતી તે કલકત્તા – દિલ્હી બ્રિટિશ કાઉન્સિલના યુવા કાર્યકરો સંજય, સમરજીત, રેબેકા, અમિતાભ સૌ લૉબીમાં મળ્યા. અમારી રજિસ્ટ્રેશન વિધિ એમણે કરી લીધી હતી.

૧૭મે માળના મારા રૂમમાંથી આખું શહેર ઝગમગતું સુંદર દેખાતું હતું. થાકી ગઈ હતી પણ ઊંઘ ન આવી. ૨૦૪૦ની સાલમાં મારા પિતા સ્વ. ગુણવંતરાય આચાર્યની જન્મશતાબ્દી યુ.કે.ની ગુજરાતી સાહિત્ય અકાદમીએ ઊજવી હતી ત્યારે ભોળાભાઈ, સ્વ. જયંત પંડ્યા, ઈલા અને પ્રદ્યુમ્ન રોઝાલ્લા તન્ના સાથે પૂરો ૧ મહિનો અમે અહીં ફૅમિલી હોમ્સમાં રહ્યાં હતાં અને ઘણું ફર્યાં હતાં. પપ્પાની સ્મૃતિથી મન સભર થઈ ગયું. ૨૦૦૯માં પણ સાહિત્યને જ નિમિત્તે અહીં આવવાનું બન્યું હતું. તો અંગત રીતે ૧૯૬૬માં મારી ભાષામાં બ્યૂટી કૉલમ લખવાથી શરૂઆત કરીને આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં સહયોગી થવાની આ દડમજલ પણ એક સફર હતી.

બીજે દિવસે સવારે ૨૦/૨૦ ક્રિકેટમૅચ ભારત અને યુ.કે.નાં લેખકો-પ્રકાશકો વચ્ચે હેમ્પસ્ટેડ ક્રિકેટ ક્લબમાં ખેલાવાની હતી. અમે ગણ્યાંગાંઠ્યાં થોડાં જ લેખકો બસમાં ત્યાં ગયાં. પ્રખ્યાત ક્રિકેટગ્રાઉન્ડ લોર્ડ્ઝનાં મેદાન પાસેથી પસાર થતાં સૌએ ચીયર્સ કરી અભિવાદન કર્યું.

એ દિવસે તેજ ગતિનો અત્યંત ઠંડો પવન ફૂંકાતો હતો. એના આતંકવાદી હુમલા સામે આપણું શું ગજું ? અમે ગ્રાઉન્ડમાંથી સીધા બૉક્સમાં ઘૂસી ગયા અને વિરલાઓ મેદાનમાં ખેલતા

રહ્યા. થેંક ગૉડ ગરમ ચા કૉફીના જગ ભરેલા જ રહેતા. મારી સાથે અત્યારના લોકપ્રિય લેખક ચેતન ભગત અને તેમનાં પત્ની હતાં. ગુજરાતી સાહિત્ય વિષે વાત કરતાં એમણે કહ્યું, તમારાં પુસ્તકો હું ક્રોસવર્ડમાંથી ખરીદી લઈશ. મેં કહ્યું ભલા ભાઈ, પ્રાદેશિક ભાષાનાં અનુવાદો થતા નથી ને એરપૉર્ટ કે બુકસ્ટોર સુધી પહોંચતા નથી. એમને નવાઈ લાગી. પછી બીજી વાર નવાઈ એ લાગી કે મેં પચાસ પુસ્તકો લખ્યાં છે. મેં કહ્યું, એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? ગુજરાતીમાં લખતાં ઘણાં સર્જકોનું વિપુલ તો ય સત્ત્વશીલ સર્જન છે તોય તમારી જેમ પરદેશની માતબર નોકરી છોડી ફુલટાઇમ રાઇટર બનવાનું શક્ય જ નથી.

અંતરા દેવ સેન પણ અમારી સાથે હતા. મારી વાર્તાના અનુવાદ અંગે ફોન પર, બેચાર ફોન પર વાત થયેલી ત્યારે મને થોડા રિઝર્વ લાગેલા. મેં કહ્યું ટુ હિંદી ફિલ્મ સ્ટાઇલથી આપણે ગુલાબનાં ફૂલની નિશાની વગર મળ્યાં તોય એકમેકને ઓળખી ગયાં. એ હસી પડ્યા. પછી તો જ્યારે મળીએ ત્યારે ખૂબ વાતો કરીએ.

એ જ બપોરે મારો સેમિનાર હતો. રેબેકા અને હું હાથમાં જ ખાવાનું લઈ ટેક્સીમાં ભાગ્યાં. હોટલ પર ફ્રેશ થઈ સરસ સાડીનો ઠઠારો કરી અમે બ્રિટિશ લાઇબ્રેરી પહોંચી ગયાં. વિશાળ કમ્પાઉન્ડ દોડતાં જ વટાવ્યું, મહેલ જેવા સરસ આર્કિટેક્ચરની લાઇબ્રેરી જોવાનો સમય જ ન રહ્યો.

આ સેમિનારનો મને વધુ આનંદ એ હતો કે મારાં મિત્રદંપતી લૉર્ડ મેઘનાદ દેસાઈ – કિશ્વરને ઘણા સમય પછી અહીં મળવાનું હતું. મેઘનાદ અને મેં ભારતીય વિદ્યાભવનની એ સમયની પ્રતિષ્ઠિત આંતરકૉલેજ એકાંકી નાટ્યહરીફાઈમાં સાથે નાટકો કરી ઇનામો મેળવ્યાં હતાં. ઇપ્સનના ‘ડોલ્સહાઉસ’નું એકાંકીરૂપ એણે લખેલું અને મેં પ્રખ્યાત નોરાનું પાત્ર ભજવેલું. છેક ૧૯૫૭માં નારીવાદી વિચારધારાનો પહેલો પરિચય મેઘનાદે અમને સૌને કરાવેલો અને યોગાનુયોગ કેવો કે પંચાવન વર્ષ પછી મારે ફેમિનિસ્ટ ઇશ્યૂઝ પર બોલવાનું હતું, મેઘનાદ સભાગૃહમાં અને કિશ્વર અમારા સિમ્પોઝિયમનાં મોડરેટર.

“જેન્ડર ઍન્ડ સેક્સ્યુઅલ પોલિટિક્સ” – વીમેન્સ રાઇટિંગ્સ, સેન્સર્ડ ટંગ વગેરે વિષયો પર અમારી ચર્ચા હતી. પેનલ પર હતા યુ.કે.ના ભારતીય યુવાન લેખક નીલ મુકરજી, અનેક પાબંધીઓ વચ્ચે સર્જન કરનાર તામિલ નવલકથાકાર સલમા, ફિલ્મમેકર સંગીતા, દત્તા, ભારતનાં પ્રથમ ફેમિનિસ્ટ પબ્લિશિંગ હાઉસ ‘કાલિ ફૉર વીમેન’નાં ઉર્વશી બુટાલિયા. રવિવારની બપોર છતાં ઘણા પ્રમાણમાં લોકો, વિશેષ બ્રિટિશ અને ભારતીય મહિલાઓ હતાં.

કિશ્વરે ટૂંકમાં ચર્ચાની ભૂમિકા બાંધી, સૌનો પરિચય આપ્યો, અને પોતાના વિચારો વારાફરતી વ્યક્ત કરવાનો સમય આપી દીધો. નીલ મુકરજીએ પરદેશમાં વસતા ભારતીય લેખકના અનુભવો કહી તેમની પ્રથમ નવલકથા “Past Continuous”માંથી થોડું વાંચન કર્યું. (૨૦૦૮નો ક્રોસવર્ડ એવૉર્ડ આ નવલકથાને જૂનમાં મળ્યો.) ઉર્વશીએ અથાગ પ્રયત્ને ઊભા કરેલા કાલિ ફૉર વીમેન પ્રકાશનગૃહને, મોટાં માથાનાં અંગ્રેજી પ્રકાશનગૃહો સામે ટકી રહેવાના અનુભવોની વાત કરી. એમણે એક અગત્યની વાત કરી. પ્રાદેશિક ભાષામાં લખાતી લેખિકાઓના અંગ્રેજી અનુવાદો, અને અંગ્રેજીમાં લખતી લેખિકાઓનાં પુસ્તકો પ્રગટ કરવામાં ઉદાસીન મોટાં પ્રકાશનગૃહો, એ જ લેખિકાનું બોલ્ડ અને કૉન્ટ્રોવર્સીય સાહિત્ય પ્રગટ કરવા ઉપરતળે થઈ જાય છે. (એમાં નામ અને દામ બન્ને છે ને !) અને એવી કૃતિઓ હોય ત્યારે લેખિકાઓ પણ તેમની પાસે જાય છે. (પૈસા અને પબ્લિસિટી તેમનેય વધુ મળે ને !) તાજેતરમાં ઉર્વશીની ઘણી કોશિશ છતાં લિસ્બિયન રિલેશન્સ પરનું પુસ્તક જાણીતા પ્રકાશનગૃહને ફાળે ગયું. સ્ત્રીસર્જન પરની સેન્સરશીપનું જીવંત ઉદાહરણ સલમા પોતે હતાં. તામિલનાડુના એક ગામડામાં તેમને ભણતાં ઉઠાડી નાની વયે રૂઢિચુસ્ત કુટુંબે તેમને પરણાવી દીધેલાં. નામ બદલી લેખનથી પોલિટિક્સ સુધીની સફર સંઘર્ષમય રહી. તેમણે (અંગ્રેજી ઇન્ટરપ્રીન્ટર દ્વારા) તેમની કવિતાનું વાંચન કર્યું. સંગીતાએ ડૉક્યુમેન્ટરી માટે વિષયોની ખોજની વાત કરી.

મારે નારીલેખન, તેમને નડતી મુશ્કેલી-મર્યાદા વિષે વ્યવહારુ ભૂમિકાએ વાત કરવી હતી.

– ઈ.સ. ૧૮૪૦માં લંડનમાં અખિલ વિશ્વ ગુલામી વિરોધી પરિષદ વખતે એક ઘટના બની હતી. અમેરિકાથી આવેલા પ્રતિનિધિઓમાં બે સ્ત્રીઓ હતી. પરિષદમાં રાડ પડી, હાય હાય હવે ? પુરુષો ભેગા થયા હોય એવી પરિષદમાં તે વળી સ્ત્રીઓ આવી જ કેમ શકે ? આ મહિલાઓ, જોખમ ખેડીને ગુલામ મુક્તિ ચળવળમાં કામ કરતી હતી છતાં તેમને રીતસર કાઢી મૂકવામાં આવી હતી. એ બે સ્ત્રીઓ હતી, ગોરી નારીવાદી લુક્રેશિયા મોટ અને અશ્વેત એલિઝાબેથ.

એ સાલ હતી ૧૮૪૦, આ છે ૨૦૦૯.

આજે આપણે એ જ દેશમાં, એવા જ ઇશ્યૂ પર ચર્ચા કરવા ભેગાં મળ્યાં છીએ. સ્ત્રીઓની બાબતમાં સમયનું ચક્ર જલ્દી ઘૂમતું નથી.

૬૦૦ બી.સી.થી સ્ત્રીઓ સાહિત્યસર્જન કરતી આવી છે, ૧૯૯૧માં એની દળદાર એન્થૉલોજી પ્રગટ થઈ છે, (અલબત્ત, મહિલાસંશોધકો-સંપાદકો દ્વારા) જે સ્ત્રીઓની આજ્ઞાંકિત, ઘરરખ્ખુ ગૃહિણીની ઇમેજને બદલે પૂરી નિસ્બતથી લખતી સ્ત્રીઓ તરીકે રજૂ કરે છે.

છતાં સાહિત્યસર્જન પુરુષોનો ઇજારો હોય તેમ એમને હાંસિયામાં ધકેલી દેવામાં આવી છે. સર્જન જાણે એક હર્ડલ્સ રેસ છે, વિનિંગ પોસ્ટ સુધી પહોંચવા સ્ત્રી હર્ડલ્સ કૂદતી કૂદતી ટ્રેક પર દોડે છે અને પુરુષો વિઘ્નો રહિત ટ્રેક પર સડસડાટ દોડે છે.

આ હર્ડલ્સ ઘણાં છે, ઘર, કુટુંબ, જ્ઞાતિ, જાતિ, સમાજ, ધર્મ અને રાજ્ય. છેલ્લે તે પોતે પોતાની પર સેન્સરશીપ લાદે છે. મોટાભાગની સ્ત્રીઓને વાંચન, લેખન, લાઇબ્રેરી અને વિદ્યાભ્યાસ માટે કોઈ જ સગવડ કે પ્રેરણા મળતી નથી. સપોર્ટ સિસ્ટમ ન હોવાથી સમાજના અડધો અડધ સમૂહને મોંએ તાળાં લાગી જાય છે. સ્ત્રીને પાલવડે બાંધ્યો છે સંસાર. ઘરના અસંખ્ય ઝીણા ઝીણા કામના ૧૦૮ સૂતરના તાર તેને સંસારવૃક્ષ સાથે બાંધે છે. આજ્ઞાંકિતપણું, લજ્જા, માનમર્યાદા, અન્યાય સહી લેવાની શક્તિ, કુટુંબની ‘ઇજ્જત’ માટે મૌન રહેવું તે સ્ત્રીઓનું ભૂષણ ગણાયું છે.

નવનીતા દેવસેને તેમને થયેલા આવા અનેક અનુભવો વિષે વિસ્તારથી વાત કરી છે, તેમણે લખ્યું છે :

‘My own work suffered deeply from my sense of loyalty to my family. So many poems unwritten, so many stones untold. My mother’s idea of our family honour stord between me and my pen.’

સમય થોડો હતો અને કહેવાનું ઘણું. એટલે મેં બીજા મુદ્દાઓ એક એક વાક્યમાં મૂકી દીધા. છેલ્લે મેં ૧૪મી સદીનાં મહારાષ્ટ્રીયન સંતકવિ જનાબાઈની પંક્તિઓ ટાંકી,

Let me not be sad
Because I am born a woman
In this world,
Many saints suffer in this way.

કિશ્વરે ટૂંકમાં સમાપન કર્યું અને સમયસર અમારો કાર્યક્રમ પૂરો થયો. શ્રોતાઓને વધુ વાંચન અને સવાલજવાબ માટે સમય જોઈતો હતો. પણ બેચાર પ્રશ્નો પછી અમે સ્ટેજ પરથી ઉતરતાં ઘણી બહેનો અમને મળવા આવી, તસવીરો ખેંચી. ત્યાં બીજી ચર્ચાસભા થઈ ગઈ. એક બ્રિટિશ વયસ્ક મહિલાએ મને કહ્યું, મને લખવાનું બહુ ગમતું પણ હું જિંદગીમાં કોઈ સિદ્ધિ ન મેળવી શકી. મને થતું મારામાં જ કંઈ નથી. પણ તમારી વાત પરથી આજે સમજાયું, સંસારની જવાબદારીને લીધે હું હર્ડલ્સ રેસ દોડી શકી નહોતી. Thanks, from literating me from the guilt at last.

કેટકેટલાં ગીતો કંઠમાં જ રહી જતાં હશે !

મારો બીજો સેમિનાર 'ઇમેજિનિંગ ઇન્ડિયા'' – ધ વર્લ્ડ ઑફ ફિક્શન, સ્ટેટ ઑફ ફિક્શન ટુ ડે, એની પૅનલ પર મારી સાથે હતા વિક્રમ શેઠ, અનંત મૂર્તિ, પ્રયાગ શુક્લ અને સુનીલ ગંગોપાધ્યાય. મૉડરેટર હતા બ્રિટનના પત્રકાર – કોલમિસ્ટ ઈઆન જૅક.

થેમ્સ રૂમના ઓડિટોરિયમમાં ખીચોખીચ શ્રોતાઓ હતા. જ્યાં બુક ફેર હતો તે અર્લ્સ કોર્ટની ઉપરના અનેક ઓડિટોરિયમમાંનું આ એક.

ઈયાન જૅકે સાવ ટૂંકમાં વિષય વિષે વાત કરી પહેલો પ્રશ્ન વિક્રમ શેઠને પૂછ્યો, આજના ઇન્ડિયન ફિક્શન વિષે તમે શું કહેશો ? વિક્રમે પ્રોઝ – પોયેટ્રી બન્ને સ્વરૂપમાં મને કામ કરવું ગમે છે એવા પ્રકારનો બેચાર લીટીનો જવાબ આપી દીધો.

ઈયાને મને પૂછીને માઇક તરફ ઇશારો કર્યો.

મને ખબર હતી એક જ વખત તમારી વાત કહેવાની તક મળશે, પાંચથી સાત મિનિટ એ સમયે મારી સામે દેશવિદેશનાં માંધાતા પ્રકાશનગૃહોના પ્રતિનિધિઓ, લિટરરી મૅગેઝીનના તંત્રીઓ, લેખકો, એડિટર્સ, બુક્સ ડિસ્ટ્રિબ્યુટર્સ અને અંગ્રેજીમાં જ વાંચતા-લખતા-માણતા શ્રોતાઓ હતા. મેં નક્કી કર્યું હતું મારા સર્જન વિષે ન કહેવું પણ પ્રાદેશિક ભાષાઓ વિષે જ કહેવું.

મેં ભારપૂર્વક શબ્દો ચોર્યા વિના સ્પષ્ટ કહ્યું;

'The literary landscape in India is most unique and different than other parts of the world. In a single largest democratic country with a shaped cultural and civilization history of 5000 years, there are mary official recognised languages and more. than 400 dialects...

એટલે સર્જક જેવો પહેલો અક્ષર પાડે કે એ રિજનલ રાઇટર બની એની ભાષાની દીવાલોમાં કેદ થઈ જાય છે. એટલે મેં જ્યારે લખવાનું શરૂ કર્યું ત્યારે ગુજરાતી ભાષાએ મારી પસંદગી કરી. મારી ભાષામાં લખવાનું ગૌરવ અને આનંદ મને છે. એથી મારી સર્જકતાને ધાર મળે છે.

પોતાની ભાષામાં લખતા લેખકનું અનુસંધાન વાંચકો સાથે તરત થાય છે અને અપરિચિત અજાણ્યા વાચકો સાથે હૃદયનાં જોડાણ એ જ સાહિત્ય નથી !

અનેક ભાષાઓ, બોલીઓના દેશમાં અંગ્રેજી ભાષામાં લખતા (જે બહુ ઓછા લોકો વાંચી-સમજી શકે છે) લેખકોનું આજે ઇંડિયન લિટરરી સીન પર વર્ચસ્વ છે. તેમનાં પુસ્તકોનું પબ્લિશિંગ, પ્રમોશન – પબ્લિસિટી, માર્કેટિંગ અને ડિસ્ટ્રિબ્યુશન અંગ્રેજી પ્રકાશનગૃહો દ્વારા એવું જબરું થાય છે કે એ લોકો સેલિબ્રિટી રાઇટર્સ છે. લાખોમાં રૉયલ્ટી રળે છે. એમની પહેલી જ નવલકથાનો નૅશનલ ડેઇલીમાં રિવ્યૂ ઇન્ટરવ્યૂ અને સેલિબ્રિટીઝ દ્વારા બુક રીડિંગ્સ.

અમેતો દેશી લોટ ! ભલેને વિશ્વની ઉત્તમ કૃતિઓની હરોળમાં બેસી શકે એવું સાહિત્ય ભારતીય ભાષાઓમાં લખાય પણ મજાલ છે અમારી કે અમારું પુસ્તક ઍરપૉર્ટથી માંડી ટ્રાફિક સિગ્નલ પર વેચાય ? અંગ્રેજી પબ્લિશિંગ હાઉસ અમારા પુસ્તકોનાં અનુવાદની માથાકૂટમાં શું કામ પડે ? અંગ્રેજીમાં લખાયેલું સાહિત્ય જ મળતું હોય તો why bother ?

અને પરદેશમાં વસતાં, અંગ્રેજીમાં લખતાં ભારતીય લેખકોની તો વાત જ નિરાળી. એમણે ભારતનાં ગામડાંઓની શેરી જોઈ નથી, જેમને આમઆદમીનાં સપનાં, આશા, ઝંખનાનો અંદેશોય નથી. રવિવારની સવારે અંગ્રેજી ન્યૂઝપેપરનું સાહિત્યનું પાનું ખોલો કે એ લેખકનો (તેય મોટેભાગે પુરુષલેખકનો) હસતો ચહેરો દેખાશે, જે ફાઇવસ્ટાર હોટલનાં સ્વિમિંગપુલ પાસેના ઝૂલા પર ઝૂલતા સાઉન્ડ બાઇટ્સ આપતા હશે (સરસ કુર્તા પાયજામામાં ભારતીય પહેરવેશ લાગે ને ! કદાચ એ પણ સ્પોન્સર્ડ હશે.)

માત્ર અંગ્રેજી દ્વારા વિશ્વને ભારતીય સાહિત્યનો પરિચય શી રીતે થાય ? ભારતીય ભાષાઓમાં લખાયેલું ઉત્તમ સાહિત્ય ભાષાના સીમાડા ઓળંગી વિશ્વના વાંચકોને પહોંચે એ છે ભારતનો અસલી ચહેરો. એમાં પ્રગટ થાય છે ભારતીય સંવેદના. તો જ વિશ્વસાહિત્યમાં ભારતીય સાહિત્ય અને સર્જકો સાચું સ્થાન પામશે, માન-સન્માન અને પુરસ્કારો તેમને પણ મળશે, બાકી હકીકત તો એ છે કે એક સ-રસ ગુજરાતી નવલિકાને દોઢસો-બસો રૂપિયાથી ઝાઝું મળતું નથી. એડવાન્સમાં અધધ રૉયલ્ટી ? નો વે.

પણ અનુવાદો નથી તેથી ભારતીય લેખકો હાંસિયામાં ધકેલાઈ જઈએ છીએ, પછી એકમેકનાં સર્જનથી પણ અજાણ રહીએ છીએ અને વીમેન્સ રાઇટર્સ તરીકે હાંસિયામાંય થોડાં વધુ પાછળ. લિટરરી એજન્ટ્સ, એડિટર્સ નથી; બુક પ્રમોશનલ રીડિંગ્સ નથી પછી પેલા ફાઇવસ્ટાર ઝૂલા પર બેસવાનું સૌભાગ્ય તો ક્યાંથી સાંપડે ?

સાતઆઠ મિનિટમાં મેં મારા મુદ્દાઓ પેસોનેટલી અને ભારપૂર્વક રજૂ કર્યા, ખૂબ તાળીઓથી મારું અભિવાદન થયું. હું સમજતી હતી આ એપ્લોઝ મને નહીં પણ મેં જે વાત સુષ્ફુસુષ્ફુને બદલે ખુલ્લી રીતે રજૂ કરી તેને હતો. અનંત મૂર્તિ, જાવેદ અખ્તર, અંતરા અને ઘણાં શ્રોતાઓએ અભિનંદન આપ્યાં, તસવીરો લીધી.

અર્લ્સ કોર્ટ સ્પોર્ટ્સ જેવી અત્યંત ભવ્ય ઇમારત. અંદર પ્રવેશતાં ઊંચા ડોમ નીચે, ચાલતાં થાકી જવાય એવો વિશાળ હૉલ. વિશ્વના કેટલાય દેશોના સ્ટોલ્સ. ચારે બાજુ જાતભાતનાં પુસ્તકો. ડોમમાંથી એ બીસીડીનાં લટકતાં પાટિયાંથી સેક્શનની ખબર પડે. હૉલની ઉપર ઘણા બધા મોટા ઓડિટોરિયમ જેટલા સભાખંડો. દરેક જગ્યાએ સતત સેમિનાર ચાલતા હોય. ડેલિગેટ્સ, લેખકો, મુલાકાતીઓ માટે બ્રિટિશ કાઉન્સિલે લાઉન્જ બનાવેલી. અહીં સમય પસાર કરવો ખૂબ ગમતો. અહીં નંદન નિલકેની, જાવેદ અખ્તર, પ્રસૂન જોષી, સચ્ચિદાનંદ, ગિરીશ કર્નાર્ડ હોય

કે યુવા લેખકો – સૌ નિખાલસતાથી મળે, આરામ ફરમાવે અને અવિધિસરની ચર્ચાસભાઓ ચાલતી જ હોય. બધાં ડેલિગેટ્સની પરિચય-પુસ્તિકા, પ્રોગ્રામ-પેમ્ફલેટ્સ, જાતભાતની સાહિત્યની એન્વાયર્મેન્ટ ફ્રેન્ડલી થેલીઓ કાઉન્સિલે તૈયાર કરાવી સૌને આપેલી. તેની પર ઈન્ડિયાનો સરસ લોગો. સૌના હાથમાં થેલીઓ ઝૂલતી દેખાય. ભારતનો જય હો.

એવી થોડી વ્યક્તિઓને મળી જેની સ્મૃતિ રહી. પ્રો. રાચેલ ડાવ્યર. લંડન યુનિ.માં ઇન્ડિયન કલ્ચર અને સિનેમાના પ્રો. કવિ દયારામ પર ડૉક્ટરેટ કરેલું. હસમુખું પ્રસન્ન વ્યક્તિત્વ. પ્રો. વિલિયમ રાડીસ. ઑક્સફર્ડમાંથી બંગાળી પર ડી.ફિલ. અને લંડન યુનિ.માં બંગાળી ભાષા અને સાહિત્યનાં અધ્યાપક. ટાગોરના પ્રખર ચાહક અને અનુવાદક. ભોળાભાઈના પરિચિત ન હોય તે કેમ બને ? ઇન્ડિયન હાઈકમિશનરના અમારા રિસેપ્શન સીટ ડાઉન ડિનરમાં અમે એક જ ટેબલ પર હતા. હાઉસ ઑફ લૉર્ડ્ઝમાં મેઘનાદના પુસ્તક વિમોચન ઇવેન્ટમાં રુચિર જોષી મળી ગયા. શિવકુમાર જોષીના પુત્ર.

એક બીજો અનુભવ પણ સુખદ રહ્યો. પચાસેક જેટલા ઇવેન્ટ બરાબર ઘડિયાળને ટકોરે, નિયત સમયે જ શરૂ થાય અને પૂરા થાય. બુક ફેરમાં અને લંડનમાં જુદે જુદે સ્થળે ચાલતા હોય. સવારથી સાંજ સતત દિલ્હી, કલકત્તા, બ્રિટિશ કાઉન્સિલના યુવા કાર્યકરો ખડે પગે. પચાસેક ઇવેન્ટ, પિસ્તાલીસ ડેલિગેટ્સ + મૉડરેટર્સ. તેની સામે સાતઆઠ કાર્યકરો. પણ કોઈ કન્ફ્યુઝન, મિસ મૅનેજમેન્ટ કે હ્યુમન એરર પણ નહીં.

સેમિનારની પાંચ મિનિટ પહેલાં બધા જ વક્તાઓ ગોઠવાઈ ગયા હોય, સ્વાગત-પ્રવચનો, ફૂલો, સંસ્થાઅહેવાલ-પ્રવૃત્તિઓ, આભારવિધિ, ચીફ ગેસ્ટ કંઈ કરતાં કંઈ નહીં. પાણીનાં બાટલા ટેબલ પર હોય જ શાનાં ?

અને આપણાં ભારતીય કાર્યક્રમો ! આપણી આર્યસંસ્કૃતિની પ્રણાલી મુજબ ધીરજ, સહનશીલતા, ઔદાર્ય જેવા ગુણો શ્રોતાઓમાં કેળવવાની ઉદાત્ત ભાવનાથી બે કલાકનો કાર્યક્રમ પાંચછ કલાક ખેંચી શ્રોતાઓના ચારિત્ર્યઘડતરનું પણ ઉત્તમ કાર્ય કરે. પશ્ચિમની મટીરિયાલિસ્ટિક સંસ્કૃતિમાં એ ઉમદા ભાવના ક્યાં ? એક જ બેઠક પર કલાકો બેસીને તપશ્ચર્યા શીખવવાની પણ આપણા કાર્યક્રમ આયોજકોની નેમ હોય છે. આપણા ઇવેન્ટ્સ જાણે મેડિટેશન કેમ્પ !

સુજાતા સેન આ બુક ફેરનાં આયોજક ડાયરેક્ટર ઈસ્ટ ઇન્ડિયા. અત્યંત કાબેલ અને કાર્યદક્ષ મહિલા. ઝીણામાં ઝીણી વિગતો સાથે હોટલની લિફ્ટ પાસે મોટાં બોર્ડ્ઝ મૂકેલાં. રોજનો કાર્યક્રમ ક્યાં, ક્યારે, કોણ, બસ કેટલા વાગ્યે ક્યાં ક્યાંથી ઊપડશે, પાછી ફરશે, કોણ કઈ તારીખે ચાલી જશે, તેનો એરપૉર્ટ ટૅક્સી પીકઅપ સમય બધું જ રોજ લખાતું રહે. છેલ્લે દિવસે લૉબીમાં ટૅક્સીની હું રાહ જોતી હતી ત્યારે અચાનક પહેલી વાર મળ્યાં. ખૂબ વાતો કરી. મેં ભારતીય ભાષાઓ વિષે સેમિનારમાં કહ્યું હતું તે વાત તેમના સુધી પહોંચી હતી. તેમને ખૂબ ગમી હતી. શી ગેવ મી અ ટ્રીટ – અ કપ ઑફ સ્ટીમિંગ હૉટ કૉફી બુક ફેરની વ્યસ્તતા વચ્ચે તેઓ બીજા દેશનાં ઇવેન્ટ્સનું આયોજન પણ કરતાં જતાં હતાં અને લંડનથી સીધા શ્રીલંકા જવાનાં હતાં.

ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો. અમારાં નસીબ પાધરાં હતા, અમે સાથે લાવેલાં સની વેધરે બરાબર સાથ નિભાવ્યો હતો. પણ બે દિવસથી વરસાદ અને ઠંડીનું જોર વધ્યું હતું. એવા માહોલમાં આગલે દિવસે વર્લ્ડ હેરીટેઇજ સાઇટ સ્ટોનહેઇજ જોવા કન્ટ્રીસાઇડ ડ્રાઇવમાં ખૂબ મજા આવી હતી. મારી સાથેનાં સાથીદારો ક્યાંક ને ક્યાંક ફરવા ઊપડી ગયાં હતાં. મારે એકલાં પાછાં ફરવાનું હતું.

ટૅક્સી આવી ગઈ. સુજાતાને બાય કહેતાં અમે નીકળી ગયાં. ટૅક્સી ડ્રાઇવર રસ્તામાં બુક ફેર વિષે, હું શું લખું છું, મારી ભાષા વિષે ઉત્સાહથી પ્રશ્નો પૂછી રહ્યો હતો. મને કહે, તમે ઇન્ડિયા જાઓ છો તો સની વેધર પાછી લેતા જાઓ, અમારો વરસાદ અને દમદાર ઠંડી પાછી આપતાં જાઓ. મેં કહ્યું મારું નામ જ વરસાદ છે. હું જાઉં છું પણ ભાઈ, તારી ઠંડી લઈ લે, મને તો એ ખપતી જ નથી.

તમે અમારાં મહેમાન છો – કહેતાં તેણે ફોન પર મારા પ્લેનનું ટર્મિનલ ચેક કરી લીધું, ટ્રોલી લઈ આવ્યો, પોતે જ ટ્રોલી લઈ છેક ચેઇક ઇન કાઉન્ટર સુધી મૂકી ગયો. કમ અગેઇન. શેઇકહૅન્ડ કરી એ ગયો. શું ફરી આમ જ સાહિત્ય અહીં આવવાનું નિમિત્ત બનશે !

r

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## નમૂનેદાર સંશોધનગ્રંથ : 'અમે બોલીઓ છીએ' | દક્ષા વ્યાસ



[**અમે બોલીઓ છીએ :** લેખક : શાન્તિભાઈ આચાર્ય, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, પૃ. ૪૮૭, ૨૦૦૯, કિં. રૂ. ૩૦૦/-]

લોકસાહિત્યનું સંપાદન-સંશોધન-વિશ્લેષણનું કામ ધૂળધોયાના ધંધા જેવું છે. એ ઘણી ધીરજ, ખંત, સૂઝ-સમજણ માગી લે છે. મેઘાણી જેટલી ધીરજ-ધગશ-સમજ અને સમર્પણભાવથી આ ક્ષેત્રમાં કામ કરનારા આપણે ત્યાં વિરલ છે. જે થોડા અભ્યાસીઓ છે તેમાં શાન્તિભાઈ આચાર્યનું કામ ગણનાપાત્ર રહ્યું છે. 'હેંડો માંડીએ વાત', 'સીદી-કચ્છી વાર્તાઓ (અને તેનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન)', 'કચ્છી શબ્દાવલિ', 'ભીલી ગુજરાતી શબ્દાવલિ', 'ગુજરાતી ભીલી વાતચીત', 'ચોધરીઓ અને ચોધરી શબ્દાવલિ', 'બોલીવિજ્ઞાન : કેટલાક પ્રશ્નો', 'ઉત્તર ગુજરાતની ભાષા : સર્વેક્ષણ અને અભ્યાસ', 'ભીલી ગુજરાતી શબ્દકોશ', 'આદિવાસી લોકસાહિત્ય' જેવાં એમનાં પ્રકાશનો વ્યાપક સ્તર પર એમણે કરેલા વિવિધ બોલીઓના સ્વરૂપલક્ષી ભાષાવૈજ્ઞાનિક અભ્યાસનો ખ્યાલ આપે છે. પ્રસ્તુત ગ્રંથ એમાં મૂલ્યવાન ઉમેરણ છે.

અહીં રજૂ થયેલી ૩૨ વાર્તાઓ કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત – એમ સમગ્ર ગુજરાતના વીસ જેટલા વિસ્તારોની સોળ બોલીઓના પ્રત્યક્ષ અભ્યાસ દ્વારા સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી તે તુલનાત્મક ઘનિષ્ઠ અભ્યાસ માટેનું કીમતી માર્ગદર્શન પૂરું પાડે છે. લેખકનો હેતુ પણ 'અમુક શાસ્ત્રો'ના સંદર્ભમાં વાર્તાઓની શાસ્ત્રીય તપાસની ઝાંખી કરાવવાનો છે.

આ દળદાર ગ્રંથમાંથી પસાર થતાં વાર્તારસનો અનેરો આનંદ મળે છે. મોટા ભાગની કૃતિઓ અનુવાદ સહિત મુકાઈ છે તેથી પ્રત્યાયન સરળ બને છે. ગ્રંથ પાંચ ખંડોમાં વહેંચાયેલો છે. પ્રથમ ખંડ 'કચ્છી બોલીઓ'માં રાજગોર બ્રાહ્મણની કચ્છી, જૈન ઓશવાળની કચ્છી, સંઘારી કચ્છી, ભાટિયા જ્ઞાતિની કચ્છી, જત્ત (મુસ્લિમ)ની કચ્છી અને સીદી કચ્છી – એમ કચ્છી બોલીના જ્ઞાતિ અને વિસ્તાર અનુસાર છ પ્રભેદોનાં દૃષ્ટાંત મુકાયાં છે. પ્રથમ વાર્તા 'સદુપયોગ'માં ખજાનાની શોધનો અસલી કથાઘટક મળે છે. 'માડૂ' પંચતંત્રની પ્રાણીકથાનું સ્મરણ કરાવે છે. 'કચ્છી માડૂ' અને 'ઢગો પંડિત' વાર્તા નથી, પ્રસંગકથન છે; તો 'સાલીભદ્ર' અને 'ભાણસાહેબ' ચરિત્રકથા છે. 'બની જે જત્ત' એ જત્ત કોમનો ઇતિહાસ છે. આ તમામ બોલી-સામગ્રીને કથકે વાર્તા રૂપે ઓળખાવી હશે તેથી સંશોધકે પણ તેને વાર્તા જ કહી છે. 'બની જે જત્ત'નું ધ્વનિતત્ત્વીય અને રૂપતત્ત્વીય ભાષાપૃથક્કરણ કરતાં જઈ કચ્છી બોલીની લાક્ષણિકતાઓ તારવવાનો પ્રયાસ થયો છે. શબ્દકોશ પણ મુકાયો છે તથા ટૂંકું સમાજતત્ત્વીય વિશ્લેષણ પણ કરવામાં આવ્યું છે. અગાઉની ચાર વાર્તાઓનો માત્ર અનુવાદ જ અપાયો છે. છઠ્ઠી કથા 'નાં મે કુટો ?' રાજારાણીના કથાઘટકના વિશિષ્ટ ઉપયોગવાળી અત્યંત રસપૂર્ણ વાર્તા છે. એનું પણ વિગતે ભાષાપૃથક્કરણ કરાયું છે.

બીજા ખંડમાં સૌરાષ્ટ્રી બોલીઓની ચાર લઘુવાર્તાઓ મુકાઈ છે. 'ચકો-ચકી' અને 'વાંદરો ને મઘરમચ્છ' મૂળ જાણીતી વાર્તામાં થયેલા રોચક ઉમેરણથી આકર્ષે છે. લોકસાહિત્યમાં થતાં રહેલાં સર્જનાત્મક ઉમેરણો પરત્વે તે અંગુલિનિર્દેશ કરે છે. ગુજરાતીની વધુ નજીક હોવાથી આ વાર્તાઓનાં સંક્રમણનો પ્રશ્ન નડતો નથી. કદાચ તેથી એનો અનુવાદ અપાયો નથી. જોકે વાર્તામાં પ્રયોજાયેલા 'ધુંસલું', 'ઓંકટી પડી', 'વાસરવાનું', 'ઉલટી હાલી' જેવા શબ્દપ્રયોગોના અર્થ અપાયા હોત તો ઠીક થાત. અહીં ભાષાપૃથક્કરણ પ્રસ્તુત વાર્તાઓને અનુલક્ષીને નહીં; પણ વિશેષ ક્ષેત્રકાર્ય કરીને અપાયું છે. શબ્દભંડોળ પણ એ જ રીતે વાર્તાઓથી પર સર્વસામાન્ય પ્રકારનું છે. તેથી વાર્તામાંથી આધારરૂપ દૃષ્ટાંતો અપાયાં નથી. એ રીતે હાલારી બોલીની રજૂઆત જુદી પડે છે. ગોહિલવાડી બોલીમાં અગાઉની જેમ વાર્તાકેન્દ્રી ભાષાપૃથક્કરણ છે. એમાં વાર્તા 'ટણક'-૧, 'ટણક'-૨ ઢંગધડા વિનાની જણાશે. એમાં 'અભેસંગ'ના અંશો જ મળે છે. અહીં લોકસાહિત્યના સંશોધન-સંપાદનની એક વિશિષ્ટ સમસ્યા ખડી થાય છે. બોલીના સ્વરૂપને તપાસવાનો ઉપક્રમ હોય ત્યારે વાર્તા વાર્તા છે કે નહીં, બને છે કે નહીં એ જોવું અનિવાર્ય ન લેખાય; પરંતુ સાથે સાથે સાહિત્યકૃતિનું પણ સંશોધન થવું જોઈએ કે કેમ ? આ સંજોગોમાં અન્ય કથકોને તપાસવા જરૂરી બને. 'ખાડો ખોદે તે પડે'માં તર્કશુદ્ધિ નથી. ભાલ પંથકની બોલીના પરિચયમાં માત્ર 'માંદાનો ખાટલો ઘરમાં સે' કૃતિ જ મુકાઈ છે, એ એક પ્રસંગ સમી છે. એનું ભાષાકીય વિશ્લેષણ નથી. ત્રીજો ખંડ ઉત્તર ગુજરાતની બોલીઓનો છે. એમાં દાંતાઈ, થરાદરી અને વાંવેચી બોલીનો પરિચય છે. ત્રણેમાં એક એક કથા છે. 'ભાડાનો વર' શામળની પદ્યકથાની જેમ લાંબી, પરાક્રમો તથા ચમત્કારોથી ભરપૂર વાર્તા છે. અહીં કથકની કથનપદ્ધતિને યથાતથ મૂકવામાં આવી છે અને ભાષાકીય વિશ્લેષણ પણ અત્યંત સંતર્પક અને પૂર્ણતાયુક્ત છે. એ કોઈ પણ બોલીના સ્વરૂપનો અશેષ અભ્યાસ શી રીતે કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. વાર્તા પોતે પણ એવી ખમતીધર છે. આવી વાર્તાઓના વસ્તુનાં મૂળિયાં ક્યાં સુધી ઊંડાં ઊતરેલાં છે એ પણ એક રસિક તપાસનો વિષય બને છે. પ્રસ્તુત બોલીના આગવા શબ્દભંડોળને ફૂદડીથી અલગ તારવી બતાવાયું હોત તો ઠીક થાત. થરાદરી બોલીની 'રવો ગઢવી' પણ અદ્દલ લોકવાર્તા છે. વાંવેચી બોલીના પ્રદેશનો પરિચય પણ વિગતે અપાયો છે. એની વાર્તા 'ત્રત દૉન ને મહાપુન'માં ઉરાંગઉટાંગ તત્ત્વ વધુ છે. પ્રસ્તુત બંને વાર્તાઓનું પણ વિગતે ભાષાપૃથક્કરણ કરાયું છે. એ રીતે આ ખંડમાં પૂર્ણતાનો અનુભવ થાય છે.

ચોથો ખંડ ઉત્તર ગુજરાતની રાજસ્થાની – સાંચારી બોલી વિશે છે. 'ફુલજી જાડેજો' વાર્તા કંઈક અધૂરી લાગે છે. એમાં વચ્ચે વચ્ચે આવતા દોહા મૂળ કથાના નહીં, પણ પાછળથી ઉમેરાયેલા, કદાચ કથકે પોતાના તરફથી ઉમેરેલા લાગે છે. અહીં ભાષાપૃથક્કરણ અપાયું નથી. પાંચમો વિભાગ ઘણો વિસ્તૃત છે. એમાં વિવિધ આદિવાસી બોલીઓનો અભ્યાસ રજૂ થયો છે. સાબરકાંઠાના શામળાજી વિસ્તારની ભીલી વાર્તા 'સાચી મા' સંકુલ માનવસંબંધોનો ઇશારો કરતી રસપ્રદ કથા છે. સાબરકાંઠા પોશીના પટ્ટા વિસ્તારની (ભીલી

બોલીમાં રજૂ થયેલી) 'દેવનારાયણ' વાર્તાની બોલી માન્ય ભાષાથી વિશેષ પ્રભાવિત જણાય છે. છોટાઉદેપુર વિસ્તારની રાઠવી ભીલી વાર્તા 'વે'ત્યો'માં ઉરાંગઉટાંગ તત્ત્વ વધુ છે. મધ્ય ગુજરાતના વડોદરા, સંખેડા વિસ્તારની તડવી બોલીની વાર્તા 'લવઘણાની વાર્તા'માં કથક જાગરિયાનાં કથનોની વચ્ચે વચ્ચે શ્રોતા હોકારિયાના ઉદ્ગારો સ્પષ્ટ નિર્દેશ સાથે મુકાયા છે. (પૃ. ૩૪૭થી ૩૫૮ જાગરિયાનો 'જા' છાપવો રહી ગયો છે.) સૂરત આસપાસના આદિવાસી વિસ્તારની ચોધરી બોલીની 'ભરવાડો' વાર્તા મઝાના તરંગોવાળી બોધકથા છે. આ જ વિસ્તારની કૂકણી બોલીની 'ઈહીતે' અને ડાંગની આસપાસના વિસ્તારની કૂકણી-કુનબી બોલીની વાર્તા 'મહા જગની ગોઠ' બંનેમાં કૃષિ સંસ્કૃતિનું, ખેડુજીવનની કઠણાઈનું પ્રતિબિંબ છે, બીજીમાં વિશેષ. આ કૃતિઓનું ભાષાપૃથક્કરણ અપાયું છે.

સંશોધકે અપનાવેલી ભાષાપૃથક્કરણની પદ્ધતિ જે તે બોલીના બંધારણનો સુપેરે પરિચય આપે છે. સ્વાભાવિક રીતે જ એમાંથી બોલીનું અશેષ રૂપ પામી ન શકાય. વાણી એક વહેતો પ્રવાહ છે. તે સંજોગોમાં ભાષક શિક્ષિત હોય અથવા નગરસભ્યતાના સંપર્કમાં વિશેષ આવ્યો હોય ત્યારે બોલીમાં માન્ય ભાષાના પ્રયોગો શુદ્ધ રૂપમાં મળી આવે તે સહજ છે. પરંતુ સંપાદક માટે, એ બોલીનું અસલ રૂપ તપાસવા માગતો હોય ત્યારે મૂળમાં જઈ તે પ્રયોગોને સંશોધિત રૂપમાં મૂકવા કે જે મળે તે જ સ્વીકારી લેવા એ સમસ્યા સર્જાય છે. આ વાર્તાઓમાં પ્રયોજાયેલા કેટલાક શબ્દો સંદર્ભે આ મુદ્દો ઊઠે છે. દાખલા તરીકે કચ્છી બોલીમાં પણને પ ઉચ્ચારાય છે; પરંતુ આ બંને શબ્દોનો પ્રયોગ થયો છે (પૃ. ૧૧). એક જ વાક્યમાં એતરે અને એટલે બંને પ્રયોગો મળે છે (પૃ. ૨૮). 'આવ્યો'નું 'આયો' થાય છે, પરંતુ આવ્યો મૂળ રૂપે પ્રયોજાયેલો પણ મળે છે (પૃ. ૧૮, ૨૫) વાર્તામાં તે અડવા લાગે છે. ધ્વનિપરિવર્તનના ચોક્કસ નિયમો તારવવા માટે મૂળ રૂપો જ પ્રયોજાયાં હોય તો કામ સરળ બને. ભાષક ઘડીમાં એક ઉચ્ચાર કરતો હોય, ઘડીમાં બીજો – તે સંજોગોમાં બીજા ભાષકોનું અવલંબન લઈને ખરાઈ કરવાની થાય.

ભાષાપૃથક્કરણની રીતે આ બધું કામ એટલો પરિશ્રમ, એકાગ્રતા, સમય અને ચોકસાઈ માગી લે છે કે ક્યાંક કશુંક ચૂકી જવાની શક્યતા રહેવાની જ. પહેલાં તો અસલ કથક શોધવો, તેની પાસે વાર્તા કઢાવવી, લાક્ષણિક ઉચ્ચારોને અવગત કરવા, દેશ્ય શબ્દોના અર્થમાં ઊંડા ઊતરવું, એક એક શબ્દને ચારે બાજુથી – તમામ સંદર્ભોને ધ્યાનમાં રાખી – કસી કસીને તપાસવો વગેરે... આ સમગ્ર પ્રક્રિયા ભારે જહેમત માગી લે છે. ઊંડી લગન વિના એ શક્ય નથી. કેટલીક વાર્તાઓનું ભાષાપૃથક્કરણ થયું નથી, કેટલીકનું જરા જુદી રીતે થયું છે. એ દર્શાવે છે કે કામ કટકે કટકે થયું છે. લાંબા સમયના પરિશ્રમની આ ફલશ્રુતિ છે. અહીં એ એકસાથે પ્રાપ્ત થાય છે અને સભરતાનો અનુભવ આપે છે. એ જે તે બોલીને તપાસવાનો એક સ્પષ્ટ માપદંડ રચી આપે છે. આ ક્ષેત્રમાં કામ કરવા ઇચ્છનારાને એ દિશા ચીંધે છે. એ લોકજીવનમાં આવી તો કેટકેટલી વાર્તાઓ વણાયેલી હશે તેનું વિસ્મય અને કુતૂહલ જગાડે છે. શાન્તિભાઈને હાથે લોકસાહિત્યને ક્ષેત્રે આ એક વધુ મૂલ્યવાન પ્રદાન છે. આવાં સંશોધનો-સંપાદનો થાય એટલાં ઓછાં.

## હાસ્યક્ષેત્રે નવી જ રંગપૂરણી કરતો સર્જક | હરીશ વટાવવાળા

**['ગનપટ હુરટીના ગોટારા !'** (હાસ્યનવલકથા) : લેખક : નિર્મિશ ઠાકર, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજો માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧, પ્ર. આ. ૨૦૦૭, ડિમાઈ, પૃ. ૨૦૮, કિં. રૂ. ૧૩૫/-]

નિર્મિશ ઠાકરનું નામ કોઈ પણ સામયિક ખોલો તો તેમાંથી વાંચવા મળે... એમણે હાસ્યનાં દરેક ક્ષેત્રોમાં ભ્રમણ કરીને પોતીકાં કર્યાં છે. ઠઠ્ઠાચિત્રોમાં નિર્મિશ દેખાય, હાસ્યલેખોમાં સૌને હસાવતા રહે, વ્યંગકાવ્યો, પ્રતિકાવ્યો, વ્યંગ, તઝમીન, ગુજરાતી સાહિત્યકારોનાં કેરિકેચર્સ, હાસ્ય-મુલાકાતોમાંય 'ગનપટ હુરટી' જેવા પ્રશ્નો પૂછી સામેવાળાને/વાળીને મૂંઝવણમાં મૂકી દે. આસ્વાદ પણ અવળવાણીમાં કરાવે; ક્યારેક એ અવળવાણી સવળ પણ થઈ જાય ! 'જે ગમે અવળ – ગુરુદેવ નિર્મિશને' અને 'નીરખને ગગનમાં, કેમ થાકી ગયો ?'માં એમના હાસ્યપ્રચુર આસ્વાદો પણ વાંચવા મળે. ભાઈ, નિર્મિશ કાર્ટૂન પણ અંગ્રેજી હોય ! તો ગૂર્જીસ કાર્ટૂનો ક્યારે દોરીશ ? 'કાર્ટૂનાય નમઃ', 'નિર્મિશીકરણ : ગુજરાતી ગઝલકારોનું ?'ને આપણે ક્યાં કાર્ટૂનો કહીશું ? ગૂર્જીસ કે અંગ્રેજી ? 'Nirmishize your Brain'માં તમે (ઇંગ્લિશ કાર્ટૂન્સ) લખીને મને હસાવવામાં કશું જ બાકી રાખ્યું નહિ. એક તો મને 'ડાયેરિયા' થયો છે અને તમે આવું હસાવો તો મારી દશા શું થાય ? હું તો ઊભા થવાનાય હોશકોશ ગુમાવી બેઠો... હસ નહીં યાર, મારી દશાથી તો ગમે તેને હસવું આવે...! પત્નીએ પણ કહ્યું : 'એકલા એકલા શું હસ્યા કરો છો ?' અને સહેજ એની નજર મારા લેંઘા ઉપર ગઈ તો એ હેબતાઈ જ ગઈ !

'તમેય શું, આ નાના બાળક જેવું કરો છો ? તમારા કરતાં તો તમારો આ (પૌત્ર) જિમીત પણ સારો કહેવાય..! એ પણ એની મમ્મીને કહે છે : ' મમ્મી છી...' અને તમે...! હવે ડાયેરિયા થયો હોય ત્યારે નિમ્મેષભૈની 'ગનપટ હુરટીના ગોટારા !' (૨૦૦૭) નવલકથા વાંચવી નહીં, બસ વાટ પૂરી !' એમ કહી તે હસતાં હસતાં મારાં કપડાં ધોવા બેઠી અને હું બાથરૂમમાં જતો રહ્યો... ઘરનાં બધાં જ મારી દશા કહો કે અવદશા ઉપર હસવા લાગ્યાં.

નિર્મિશ ઠાકર 'ચક્રાકાર ચતુષ્કોણ' (૧૯૯૮)ની પ્રસ્તાવનામાં જ એ કહે છે : ''જૂની ફૂટપટ્ટીઓ વડે 'હાસ્ય'ને માપી', 'પહેલાં જેવું નથી !' એટલું સાબિત કરવા મથતા લોકો માટે આ પુસ્તક નથી. 'હાસ્ય' મારો વિષય છે. 'એકો અહં, દ્વિતીયો નાસ્તિ... ન ભૂતો ન ભવિષ્યતિ...' એવો ભાવ હૃદયમાં છલોછલ વ્યાપ્યા પછી જ લખવું, એ મારી આદત છે.'' આમ કહેનાર આ સર્જકને પોતાના શબ્દમાં વિશ્વાસ છે. જે સર્જક પોતાનાં જ લેખાં-જોખાં કરતો હોય, પોતે પોતાનો જ વિવેચક બને તો જ એ પોતાને અને પોતાના શબ્દને પામી શકતો હોય છે.

આ નિર્મિશ ઠાકર પાસે અનુભવનો ઇલાકો છે. ૬ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવે છે એ વેર હાઉસિંગમાં મહિને સવાસો રૂપિયાના પગારે ગાંસડીઓ ફેરવે, ટ્યૂશન કરે, ડિટર્જન્ટ પાઉડરનું વેચાણ કરે, આઇસ ફેક્ટરીમાં બરફનાં પાર્સલ તોલે ! તબલાવાદનનો રિયાઝ કરે, પછી તો અજરાડા ઘરાનાના પ્રસિદ્ધ તબલાવાદક શ્રી સુધીરકુમાર સક્સેનાજી પાસે તબલાવાદનની શિક્ષા લે અને ઑલ ઇન્ડિયા રેડિયો પર મળેલી તબલાવાદક તરીકેની


પરબ v સપ્ટેમ્બર, 2009

માન્યતા ! અને આ માણસ આગળ વધતો રહ્યો, વધતો જ રહ્યો. પછી તો એન્જિનિયર તરીકેની શૈક્ષણિક લાયકાત છતાં મજબૂરીમાં 'ટ્રક માઉન્ટેડ રિંગ'ના ઑપરેટર તરીકે પોતાના હાથે જમીનમાં કરેલું હજારો મીટરનું ડ્રિલિંગ. (વર્ષ ૧૯૮૭-૮૮માં ગુજરાત ખાતે સૌથી વધુ ડ્રિલિંગ કરનાર ડ્રિલર તરીકે 'બેસ્ટ-ડ્રિલર' એવૉર્ડ આમ બાર બાર વર્ષ સુધી તંબુમાં નિવાસ કરી કાળી મજૂરી કરી. એ કાળી મજૂરી કરતાં કરતાં તંબુમાં રહીને સાત હાસ્ય-પુસ્તકો અને વર્તમાનપત્રોમાં કૉલમોનું લેખન કરી 'Mass' અને 'Class'માં એકસરખી સફળતા મેળવી અને ચાર ચાર પ્રકાશકો દ્વારા ૨૯ જેટલાં હાસ્યનાં અને કવિતાનાં પુસ્તકો પોતાના નામે કર્યાં. જેને શબ્દ ફળ્યો છે, અને સતત મહેનત અને સર્જન કરે છે એ સર્જક જરૂર સફળ થાય છે. એ પોતે કહે છે : 'નિર્મિશ, એ તન, મન અને ધન ત્રણેય મોરચે સાબિત થયેલી, છતાં તર્કમાં ન પકડાતી તાકાત છે.'

મારે અહીં 'ગનપટ હુરટીના ગોટારા !' (૨૦૦૭) વિશે વાત કરવી છે. એ વાતમાંય થોડો નહિ, પણ ઝાઝેરો દમ છે એટલે મન લલચાય છે.

નવલકથાની શરૂઆત પૈસા ક્યાંથી અને કેમ મેળવવા તેની યોજના 'ગનપટ હુરટી' કરે છે. તેમાં નિમ્મેસભૈને પણ ગનપટ સંડોવે છે. ત્યારે નિમ્મેસ કહે છે : 'મારે સિદ્ધાંતો વેચીને પૈસા નથી બનાવવા. હું કોઈ હિન્દી ફિલ્મની આઇટમ ગર્લ નથી, સાહિત્યકાર છું !' તેમ છતાં ગનપટ નિમ્મેસભૈને એના કાર્યમાં સામેલ કરે છે, સંડોવે છે. એમાં ગનપટની બુદ્ધિના ચમકારા અને ડફોળપણું પણ પ્રકટતું જોઈ શકાય છે. જ્યાં જ્યાં ગનપટ ગોટાળા કરે છે, તેમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે.

પૈસા મેળવવાના પ્લાનમાં ગનપટ પોતાની જ સાળી મીનાક્ષીને પ્રેમના પાઠ ભણાવીને, ફિલ્મમાં હિરોઇન બનાવવાનાં સ્વપ્નાં દેખાડીને ફસાવવાની યોજના ઘડે છે. એ યોજના દ્વારા પોતાના સસરા પાસેથી પૈસા મેળવવાનો કારસો ઘડે છે. સામે પક્ષે પ્રેમી તરીકે નિર્મિશ ઠાકરને સમજાવે છે. એ ચાલમાં ઊંડે ઊંડે તો પૈસા મેળવવાનું જ કાવતરું સ્પષ્ટ થાય છે. સાળી મીનાક્ષી દેખાવે સુંદર નથી. નામ મીનાક્ષી પણ આંખે ચશ્માં. તેમ છતાં તેને ફિલ્મો જોવાનો ભારે શોખ. એ હંમેશાં ફિલ્મના હિરો જેવો યુવક પોતાની જિંદગીમાં આવે. તેવું ઇચ્છતી હોય છે. એમાં ને એમાં એ પાંત્રીસ વર્ષની થઈ ગઈ. વળી, તે અભિનેત્રી બનવાનાં રાત્રે તો ઠીક દિવસે પણ સપનાં જોતી હોય છે. ગનપટ સાળીની રગ પારખી જાય છે અને નિર્મિશ ઠાકરને એના પ્લાનમાં એક ફિલ્મનિર્માતા તરીકે તૈયાર કરે છે. ગનપટ પોતાનો પ્લાન સમજાવતાં નિર્મિશને કહે છે : 'ઉં એક પોયરીને ફોન જોડું, પછી ટમે એને કે'જો કે ઉં ફિલ્મ પ્રોડ્યુસર સુભાસ ખાઈ બોલટો છું, મને ટમારો બાયોડેટા મઈલો ! આટલું ટમારે હિન્દીમાં બોલવાનું, ચાલો પ્રૅક્ટિસ કરો...' કચવાતા મને નિર્મેશ તૈયાર પણ થાય છે. નિર્મિશ અને મીનાક્ષી વચ્ચે પ્રણયસંબંધ વિકસાવવાનો પ્લાન પણ ગનપટ ઘડે છે :

'નિમ્મેસભૈ, ટમે વચન આયલું એટલે આપડે આગર વઈઢા ! ટમે અવે ફહકી જાવત એ ની ચાલે ! ટમે એ પોયરીને પ્રેમમાં લપટાવો, પછી મારો રોલ સરૂ ઠહે, બસ વાટ પૂરી !'

નિર્મેશ મીનાક્ષીને ફિલ્મ પ્રોડ્યુસર બનીને પોતાની પ્રેમજાળમાં ફસાવે છે. મીનાક્ષી ફિલ્મ-અભિનેત્રીનાં સપનાં દેખાડે છે. અહીં પણ એક મુશ્કેલી એ ઊભી થાય છે કે, તેના જ પડોશીઓ : રણછોડલાલ, ભોગીલાલ – ભોગી 'ચકલી' – વગેરે તેની જાસૂસી કરે છે, તો એની સાસરીમાંથી પણ સસરાનો ગુસ્સો સહન કરવો પડે છે. કોર્ટમાં મળવાની ધમકી મળે છે. બીજી તરફ રજાનો રિપોર્ટ મૂક્યા વગર, રજા મંજૂર કરાવ્યા વગર નિર્મિશ રજા ઉપર ઊતરી જાય છે. તેથી ઑફિસના બૉસની પણ ધમકી મળે છે. પણ એક વખત ગનપટની યોજનામાં ફસાયા પછી એમાંથી એ બહાર નીકળી શકે તેમ નથી. એ અકળાઈને ગનપટને કહે છે : 'થાકી ગયો છું સ્ટૉપરો મારી મારીને ! ખુલ્લી કિતાબ જેવી મારી જિંદગી હતી, પણ...' એનો જવાબ આપતાં ગનપટ કહે છે : 'ટમ કસાને લાયક નઠી, બસ વાટ પૂરી !'

નિર્મિશ બધી બાજુથી ફસાયો છે. એટલે તે અકળાઈ ઊઠે છે : 'બધાં એકબીજાની આંખમાં ધૂળ જ નાંખી રહ્યાં છે...' ત્યારે ગનપટ હુરટી પણ તેને સંભળાવી દે છે : 'ટમારી ફિલૉસૉફી ટમારી પાહે રાખો, મગજની મા ની પન્નો ! મને એ કે'વ કે અવેટો આપડો પ્લાન આગર વઢહે કે ની ?'

'અરે, ભાડમાં ગયો તમારો પ્લાન ! મારી પત્ની તો ગઈ, હવે ના કરીયે જવા બેઠી છે...'

'કાંઈક મેરવવા, કાંઈક ટો ખોવું પડે છ ! આપડે કરોડપટિ બની જહું, પછી આખી ડૂનિયા આપડી પાછર ફરહે, એ ટમે લખી રાખજો !'

નિર્મિશ મીનાક્ષીને પ્રેમજાળમાં ફસાવે છે. તે જાણતાં જ નિર્મિશની પત્નીને એમ લાગે છે કે તેનું લગ્નજીવન ભંગાણના આરે છે. એ જાણતાં જ તે પિયર જતી રહે છે. પણ નિર્મિશ ઉપર નજર રાખવાનું કામ રણછોડલાલને સોંપતી જાય છે. રણછોડલાલ બહુ ખેપટ અને લાગણીશીલ માણસ છે. એણે વળી આ કેસ ડેંગુચા જાસૂસને સોંપ્યો. બીજી તરફ ગણપટ હુરટી અને નિર્મિશ ઠાકરને એમ લાગે છે કે કોઈ તેમની જાસૂસી કરી રહ્યું છે. એ જાણવા તેમનો કેસ પણ ડેંગુચા જાસૂસને સોંપે છે. ડેંગુચા જાસૂસને આ કામ માટે રૂપિયા દસ હજાર એડવાન્સ પણ આપે છે. ડેંગુચા જાસૂસને તો બંને બાજુથી ઘીકેળાં.

ડેંગુચા જાસૂસ નિર્મિશ અને ગણપટ હુરટી ઉપર જાસૂસી કરવા રણછોડલાલને નિર્મિશ ઠાકરની નિર્માણાધીન ફિલ્મમાં હિરોઇનની માતાના રોલમાં અભિનય કરવા સમજાવે છે. રણછોડલાલ માતાનો રોલ કરવાનું રૂપિયા પચાસ હજાર આપીને સ્વીકારે છે. એ જાણી ગનપટ હુરટી ગેલમાં આવી જાય છે અને એક મુક્તક નિર્મિશને સંભળાવે છે.

નિર્મિશ ઠાકર ફિલ્મ-પ્રોડ્યુસર વિમલકુમાર તરીકે અમદાવાદની ફાઇવસ્ટાર્સ હોટલમાં ઊતરે છે. ગનપટના પ્લાન પ્રમાણે ગનપટ હુરટી એનાં સાસુ અને સસરાની ઓળખ કરાવે છે. (પ્રકરણ : ૨૦). સસરા વી. પી. વિશ્વંભર પટેલ પોતાની દીકરી મીનાક્ષી હિરોઇન બને તો તેમના પટેલ સમાજમાં તેમની આબરૂ જાય અને મીનાક્ષીને કોઈ મુરતિયો ના મળે ! એટલે તેઓ અકળાયા હતા અને ગુજરાતી ભાષામાં વિમલકુમારને ગમે તેવી ગાળો સંભળાવતા હતા. નિર્મેશ જાણવા છતાં પોતાની જાત ઉપર સંયમ રાખી શાંત રહ્યો હતો. અંતે મીનાક્ષીની જીદ અને પત્ની કોકિલાબહેનની સમજાવટથી ગનપટ હુરટીના સસરા માની જાય છે અને મીનાક્ષીને ફિલ્મ હિરોઇન બનવા માટે સંમતિ આપે છે. અહીં રજૂ થયેલા સંવાદોથી હાસ્યનો હિલ્લોળ ચગે છે.

એક હસવા જેવી આ નવલકથામાં પ્રકરણ ૨૧થી કથામાં વળાંક આવે છે. રણછોડલાલ નિર્મિશ ઠાકરના દુશ્મન નહિ, પણ સહૃદય મિત્ર અને હિતચિંતક હતા. વળી કોઈના માટે કંઈક કરી છૂટનાર લાગણીપ્રધાન વ્યક્તિ હતા. નિર્મિશ ઠાકરની પત્ની કવિતા એમને મન એક દીકરી સમાન હતી. અને એમણે જ એને વચન આપેલું કે : 'હું તારા પતિને સાચા રસ્તે લાવીશ !' એમાં ને એમાં પોતે પ્રભાદેવી બનીને ઠાકરના સસરા પાસે પચાસ

હજાર લઈને નિર્માતા વિમલકુમાર (નિર્મિશ ઠાકર)ને આપેલા. કવિતા પિયર જતી રહી. એનું દુઃખ નિર્મિશ કરતાં પણ રણછોડલાલને વિશેષ હતું. એ કહે છે કે એ તેની ભૂલ હતી. એ સાસરે રહી હોત તો નિર્મિશ મીનાક્ષી સાથે આગળ ન વધ્યો હોત...! આ વાત રણછોડલાલે ડેંગુચા જાસૂસને કરી ત્યારે વાતાવરણ ઘણું જ ગંભીર અને લાગણીભર્યું બની જાય છે.

બીજો આઘાતજનક વળાંક એ આવે છે કે મીનાક્ષી નિર્મિશને પડતો મૂકી કોઈ અન્ય યુવક સાથે ભાગીને લગ્ન કરી લે છે. એટલે ગનપટ હુરટી અને નિર્મિશનો પ્લાન ચોપટ થઈ જાય છે. રહસ્યના તાણાવાણા વચ્ચે કથાપ્રવાહ આગળ વધે છે. જ્યારે ગનપટ હુરટી અને નિર્મિશ મીનાક્ષીનો કેસ ડેંગુચાને સોંપવા જાય છે અને જે યુવક સાથે મીનાક્ષી ભાગી ગઈ હોય છે તે ફોટો જોતાં જ ડેંગુચા અને તેના બે જાસૂસો મિ. પણ અને મિ. એબ્સોલ્યુટ ઝીરો બેભાન થઈ જાય છે. રહસ્ય ખૂલે છે ત્યારે એ ફોટો બીજા કોઈનો નહિ, પણ ડેંગુચા જાસૂસના છોકરાનો જ હતો !

મીનાક્ષીને ભગાવવામાં અને ડેંગુચાના છોકરા સાથે પ્રેમ કરાવવામાં પણ રણછોડલાલનો જ હાથ હતો ! એ રહસ્ય પણ રણછોડલાલ બાદમાં ખોલે છે. ગણપટ હુરટી, નિર્મિશ ઠાકર, ડેંગુચા જાસૂસ અને અન્યો ગણપટ હુરટીને ત્યાં પહોંચે છે. ગળ્યું મોં કરવા. ત્યારે ગનપટ હુરટીને ત્યાં નિર્મિશ ઠાકરની પત્ની કવિતા, સસરા કવનાનંદજી, ભોગી ‘ચકલી’, રણછોડલાલ વગેરે આવી ગયાં હતાં. મોં મીઠું કરવાની વાત આવે છે ત્યારે હિરો અને હિરોઇનની ગેરહાજરીનો અફસોસ વ્યક્ત થાય છે. ત્યારે પણ રણછોડલાલ મોબાઇલ જોડીને વાત કરવા ગનપટ હુરટીને મોબાઇલ આપે છે તો સામે છેડે મીનાક્ષી વાત કરતી હતી. એ બંને પણ ગનપટ હુરટીને ત્યાં આવી જાય છે. વાતાવરણમાં આનંદ આનંદ છવાઈ જાય છે.

નવલકથાનો અંત આમ તો સુખદ છે. પણ છેલ્લે મુકાયેલું કાવ્ય ‘ઘર અશ્રુનું’ વાંચતાં આંખમાં ઝળઝળિયાં આવ્યા વગર રહેતાં નથી. દરેક પરિણીત સ્ત્રીએ આ કાવ્ય વાંચવા જેવું છે. આ નવલકથામાં નિરૂપાયેલ પાત્રોચિત સંવાદો, ભાષા, બોલીના કાકુ અને વાર્તાનું આલેખન ખૂબ જ સૂક્ષ્મ દૃષ્ટિએ થયું છે. અને જ્યારે લેખક પોતે જ એક પાત્ર તરીકે નવલકથામાં Involve થાય ત્યારે સર્જકે ખૂબ જ સભાનતાપૂર્વક નવલકથાનું સર્જન કરવું પડતું હોય છે. આ નવલકથાની વિશિષ્ટતા તો એ છે કે ગુજરાતી ભાષાની ગનપટ હુરટીના મુખે બોલાયેલા સુરતી બોલીના સંવાદો નવલકથા ભાવકોને હાસ્ય-તરબોળ કરી દે છે. પાત્રોની પણ એક વિશિષ્ટતા તરી આવે છે : ગનપટ હુરટી વાક્યાંતે ‘બસ વાટ પૂરી’, ડેંગુચા જાસૂસ વારંવાર કહે છે : ‘હું ડુંગળીની ખેતી નથી કરતો’ તો નિર્મિશ ઠાકરનું એક વાક્ય : ‘મારા આસિસ્ટન્ટ કહે એ વાત કદી ખોટી હોય જ નહીં !’ ભોગી ‘ચકલી’ જ્યારે પણ વાત કરે ત્યારે કોઈ ને કોઈ રહસ્યકથા, જાસૂસકથાનું નામ આગળ કરી વાતની પૂર્તતા કરે છે. તો ગનપટ હુરટી વારંવાર કહે છે : ‘ઉં ગોરી મારી ડેવા !’, ‘ઉં એમનાં ગરાં ભચડી લાખા...’ વગેરે. વચ્ચે મુકાયેલા નિર્મિશ ઠાકર, ગનપટ હુરટી, ભોગી ‘ચકલી’, મીનાક્ષી, રણછોડલાલ – પ્રભાદેવી, ડેંગુચા જાસૂસ વગેરેનાં કેરિકેચર પણ હાસ્યની જમાવટ કરે છે. તો ગનપટ હુરટીનાં મુક્તકો પણ રંગ લાવે છે. નિર્મિશ ઠાકરની હાસ્યનિર્મિષી ખરેખર ધ્યાનાર્હ બની છે. ગુજરાતી સાહિત્યમાં હાસ્યક્ષેત્રે નવી જ રંગપૂરણી કરતો આ સર્જક છે.





# પરિષદવૃત્ત

સં. અનિલા દલાલ

### ‘પાક્ષિકી’

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ‘પાક્ષિકી’ અંતર્ગત તા. ૨૩-૭-૨૦૦૯ના રોજ સાંજે ૬ વાગ્યે શ્રી પ્રદીપ ખાંડવાળાએ સ્વરચિત અંગ્રેજી કાવ્યો અને એના પોતે જ કરેલ ગુજરાતી અનુવાદનું પઠન કર્યું હતું. મૃત્યુ અને વૃદ્ધાવસ્થા અહીં વંચાયેલા કાવ્યોના સ્થાયીભાવ હતા. ચર્ચાને કારણે કાવ્યયાત્રા જીવંત બની હતી. કાવ્યમાં પ્રગટ થયેલ ભાવ, અનુવાદમાં પ્રયોજાયેલા શબ્દો વગેરે વિશે રસપ્રદ ચર્ચા થઈ હતી. કાવ્યપઠનના પ્રારંભે રાજેન્દ્ર પટેલે સૌનું સ્વાગત કર્યું હતું અને પારુલ કંદર્પ દેસાઈએ આભાર માન્યો હતો. આ કાવ્યયાત્રામાં નિરંજન ભગત, એસ. ડી. દેસાઈ, કુમારપાળ દેસાઈ, રાજેન્દ્ર શુક્લ, રાજેન્દ્ર પટેલ, ચંદ્રકાન્ત શેઠ વગેરેએ હાજરી આપી હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ‘પાક્ષિકી’ના ઉપક્રમે તા. ૭-૮-૦૯ અને તા. ૮-૮-૦૯ના રોજ બપોરે ૪.૦૦થી ૬.૦૦ કલાકે ‘પશ્ચિમના વિવેચનાત્મક સિદ્ધાંતો : એક ઝાંખી’ વિષય પર પ્રો. રીટાબહેન કોઠારીએ બે વક્તવ્યો આપ્યાં હતાં, જેમાં સોસૂર, દેરિદા અને ફૂકોની તત્ત્વજ્ઞાન વિષયક વિચારણાને આગવી રીતે નવાં જ ઉદાહરણો દ્વારા સમજાવી હતી. રાજેન્દ્ર પટેલ, મધુસૂદન બક્ષી, પારુલ કં. દેસાઈ, હરીશ ખત્રી, ભાગ્યેશ જહા, યોગેન્દ્ર માંકડ વગેરે ચર્ચામાં સહભાગી બન્યાં હતાં. બધાં જ ભાવકોમાં કંઈક નવું જાણ્યાનો સંતોષ જણાતો હતો.

### રવીન્દ્રનાથની મૃત્યુતિથિએ કાર્યક્રમ

તા. ૭-૮-૨૦૦૯ના રોજ રવીન્દ્રભવન, સ્વમાન પ્રકાશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે રવીન્દ્રનાથ ટાગોરની ૧૪૮મી મૃત્યુતિથિ અને એમનાં પ્રેરણામૂર્તિ કાદંબરીદેવીના જન્મનાં ૧૫૦ વર્ષ નિમિત્તે જીવન અને મૃત્યુના નાટક ‘ડાકઘર’ પર શ્રી નિરંજન ભગતે વક્તવ્ય આપ્યું. તે પછી ‘કોરસ’ના શ્રી નિમેષ દેસાઈના દિગ્દર્શન હેઠળ અને શ્રી નગીનદાસ પારેખના અનુવાદના આધારે રવીન્દ્રનાથના ‘ડાકઘર’ નાટકની નાટ્યપ્રસ્તુતિ થઈ હતી. કલાકારોએ સુંદર અભિનય કર્યો હતો. આરંભમાં શ્રી મહેશ દવેએ ભૂમિકા આપી હતી. આભારદર્શન શ્રી શૈલેષ પારેખે કર્યું હતું. કાર્યક્રમ લૉ કૉલેજના ઑડિટોરિયમમાં યોજાયો હતો.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયના ઉપક્રમે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે બાળકોના વ્યક્તિત્વવિકાસ માટે તા. ૮-૮-૨૦૦૯ના રોજ સાંજે ૪થી ૬ દરમ્યાન શૌર્યગાન કાર્યક્રમનું આયોજન થયું હતું. નવ-દસ સંસ્થાઓમાંથી બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને રાષ્ટ્રપ્રેમ ગીતો ગાઈ પ્રકટ કર્યો હતો; એ માણવાનો બધાંને ઘણો આનંદ થયો હતો. શ્રી ગંગારામ વાઘેલા અને દીપ્તિબહેન શાહે સમગ્ર આયોજન

કર્યું હતું. શ્રીમતી કલ્પનાબહેન અને શ્રીમતી રૂપાબહેને ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપ્યું તેમજ સંકલન-નિર્ણયની જવાબદારી સંભાળી હતી.

oooo

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૨૦-૮-૨૦૦૯ના રોજ સાંજે ૬.૦૦ વાગ્યે શ્રી જિતેન્દ્ર દવેએ ગાંધીજીને કેન્દ્રમાં રાખીને લખાયેલી તેમની નવલકથા 'ચંપારણ'ના પ્રથમ પ્રકરણનું પઠન કર્યું હતું. પ્રારંભે રાજેન્દ્ર પટેલે 'પાક્ષિકી'નો વિગતે પરિચય કરાવી ગિરિરાજ કિશોરની 'પહેલો ગિરમીટિયો', જયંત ગાડીતની 'સત્ય' અને નારાયણ દેસાઈની ગાંધીકથાનું સ્મરણ કરી ગાંધીજી આપણી ચેતનામાં કેવી રીતે વ્યાપ્યા છે તે જણાવ્યું હતું. જિતેન્દ્ર દવેએ પઠન દરમિયાન નવલકથા લખવા પાછળનો ઉદ્દેશ ગાંધીજીને તેમના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં લોકો સમક્ષ મૂકવાનો અને ગાંધીજી કેવી રીતે બોલતા, ઊઠતા, ચાલતા વગેરેના વર્ણનથી વાચકોને ગાંધીજીની કાર્યરીતિનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો જણાવ્યો હતો. ગાંધીજીની આત્મકથામાં ચંપારણની ઘટનાનાં પાંચ પ્રકરણો છે તેમાંથી ૪૫ પ્રકરણોની કથાનું તેમણે સર્જન કર્યું છે. પ્રથમ પ્રકરણમાં જ તેમની ઝીણવટભરી નિરીક્ષણશક્તિ, પાત્રોને ઉપસાવવાની શૈલીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રતિભાવમાં રતિલાલ બોરીસાગરે વંચાયેલા પ્રકરણમાંથી સર્જનાત્મકતાના અંશો શોધી બતાવ્યા હતા. નવલકથાના પ્રથમ પ્રકરણના પઠન વખતે નવલકથારસિક શ્રોતાઓ ગાંધીજી વિશેની નવલકથામાં સહજ જ તણાયાં હતાં. અંતે પારુલ કંદર્પ દેસાઈએ સૌનો આભાર માન્યો હતો.

### 'સર્જક સાથે સંવાદ'

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત તા. ૨૮-૭-૨૦૦૯ના રોજ સાંજે ૬ કલાકે શ્રી રતિલાલ બોરીસાગરે 'શુદ્ધ લેખન' વિશેની ચર્ચા કરી હતી. પ્રારંભે રાજેન્દ્ર પટેલે સૌનું સ્વાગત કર્યું હતું અને વક્તાનો પરિચય આપ્યો હતો. આ વર્ગમાં વિવિધ કૉલેજોનાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તેમજ ભાષારસિકોએ ભાગ લીધો હતો. વક્તવ્યમાં તેમણે શ્રવણ, કથન, વાચન, લેખન જેવાં કૌશલ્યોની ચર્ચા કરી હતી અને ભાષામાં તેનું મહત્ત્વ ચીંધી આપ્યું હતું. તેમજ વિભક્તિના પ્રત્યયો, નામયોગીઓ, સંયોજકો કઈ રીતે લખાય તેની ચર્ચા કરી હતી. માતૃભાષાથી આપણે દૂર ને દૂર થતાં જઈએ છીએ ત્યારે આ પ્રકારનાં વ્યાખ્યાનો ભાષાની વધુ નિકટ લઈ જાય છે. ઇતુભાઈ કુરકુટિયાએ સૌનો આભાર માન્યો હતો.

### જયન્તિ દલાલ શતાબ્દી

તા. ૨૫ ઑગસ્ટ ૨૦૦૯ના રોજ જયન્તિ દલાલ સ્મૃતિ સમિતિ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે જયન્તિ દલાલના શતાબ્દી વર્ષ નિમિત્તે એમના જીવન અને કવન તેમજ સમકાલીન સંદર્ભમાં શ્રી નારાયણ દેસાઈની અધ્યક્ષતામાં એક પરિસંવાદનું આયોજન થયું, જેમાં સમાજવાદી સનત મહેતા, રંગકર્મી માર્કંડ ભટ્ટ, સમાજસેવી લેખિકા વસુબહેન ભટ્ટ, સાહિત્યકાર રઘુવીર ચૌધરી, પત્રકાર પ્રકાશ ન. શાહ સૌએ વક્તવ્યો આપ્યાં. તે પછી દર્પણ ડ્રામા ગ્રૂપ તરફથી, નિસર્ગ ત્રિવેદીનાં દિગ્દર્શન હેઠળ, કલાકારોએ જયન્તિ દલાલના નાટક 'દ્રૌપદીનો સહકાર (!)'ની નાટ્યપ્રસ્તુતિ રજૂ કરી. આરંભમાં શ્રી રાજેશ શાસ્ત્રીએ ભૂમિકા આપી. શ્રી પ્રતિભાબહેન વકીલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન અનિલા દલાલે કર્યું; આભારવિધિ શ્રી મનસુખભાઈ સલ્લાએ કરી.

S

### નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના ક. લા. સ્વા. મંદિરહસ્તક શ્રી બી. કે. મજમુદાર ટ્રસ્ટ પ્રકાશન શ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો / લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. હસ્તપ્રત મોકલવાનું સરનામું –

પ્રકાશનમંત્રીશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, નદી કિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯

### ચૂંટણી અંગેની તારીખોમાં ફેરફાર

તહેવારોને કારણે ચૂંટણી અંગેની તારીખોમાં કેટલાક ફેરફાર કરવાની જરૂર પડી છે તેની સૌએ નોંધ લેવા વિનંતી.

#### મધ્યસ્થ સમિતિ

મધ્યસ્થ સમિતિની મતગણતરી તા. ૨૧-૯-૨૦૦૯ના રોજ બકરી ઇદની રજા હોવાથી તેના બદલે તા. ૨૩-૯-૨૦૦૯ના રોજ મતગણતરી રાખેલ છે.

#### કાર્યવાહક સમિતિ

| | |
|---|---|
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ.... | તા. ૨૫-૯-૨૦૦૯ |
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારી ભરવાની છેલ્લી તારીખ.. | તા. ૮-૧૦-૨૦૦૯ |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ .......... | તા. ૧૫-૧૦-૨૦૦૯ |
| મતપત્ર રવાના તારીખ......................... | તા. ૨૬-૧૦-૨૦૦૯ |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પહોંચાડવાની તારીખ ........ | તા. ૧૨-૧૧-૨૦૦૯ |
| મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ......... | તા. ૧૭-૧૧-૨૦૦૯ |

**કનુભાઈ શાહ**
ચૂંટણી અધિકારી, ગુજરાતી સાહિત્ય પરિષદ

# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## નિર્મિશ ઠાકર શ્રેષ્ઠ ટ્રાયોલેટ પારિતોષિક-૨૦૦૯

ગઝલકુળનો પ્રકાર બનવાની વિશેષ યોગ્યતા ધરાવતો ફ્રેન્ચ કાવ્યપ્રકાર 'ટ્રાયોલેટ' ગુજરાતી સાહિત્યમાં સ્થિર થાય એ હેતુએ 'ધબક'માં ૨૦૦૯માં પ્રગટ થનાર ટ્રાયોલેટ્સ પૈકીના શ્રેષ્ઠ ટ્રાયોલેટને રૂ. ૧૫૦૦નો પુરસ્કાર અપાશે.

## ભાવનગર ગદ્યસભામાં હરીશ નાગ્રેચાને અંજલિ

૩૦ જૂનના રોજ ભાવનગરની ગદ્યસભામાં ડૉ. ગંભીરસિંહજી ગોહિલની અધ્યક્ષતા સદ્ગત હરીશ નાગ્રેચાને અંજલિ અપાઈ હતી. ગદ્યસભાના સંવાહક માય ડિયર જયુએ નાગ્રેચાનો પરિચય આપ્યો હતો અને ડૉ. મહેન્દ્રસિંહ પરમારે નાગ્રેચાની વાર્તાનું પઠન કર્યું હતું.

## 'ધૂળનો સૂરજ'નું પઠન-આસ્વાદન

જયંત ખત્રીના જીવન પર આધારિત સતીશ વ્યાસ લિખિત 'ધૂળનો સૂરજ'નું પઠન અને આસ્વાદન નખત્રાણાની આર્ટ્સ-કૉમર્સ કૉલેજના ગુજરાતી વિભાગમાં ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા થયું હતું.

## 'વિદ્યાપીઠ' ત્રૈમાસિક 'પરામર્શિત સંશોધનપત્ર' બન્યું

૧૯૬૩થી 'વિદ્યાપીઠ' સંશોધનપત્ર પ્રગટ થાય છે. સાંપ્રત સમયમાં પ્રગટ થતા સંશોધનલેખોને વધુ ગુણાત્મક બનાવવાના ઉદ્દેશથી, ૨૦૦૯થી 'વિદ્યાપીઠ' ત્રૈમાસિકને 'પરામર્શિત સંશોધનપત્ર' બનાવવાનો નિર્ણય તંત્રીમંડળ દ્વારા લેવામાં આવ્યો છે તેમાં સહુના યોગદાનની અપેક્ષા રખાઈ છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના લેખો પ્રગટ થશે. લેખકે સંશોધનલેખની બે નકલ મોકલવાની રહેશે. જેને બે વિષયનિષ્ણાતોને સમીક્ષા અર્થે મોકલાશે અને પરમાર્શન બાદ તે પ્રસિદ્ધ થશે.

## ઇન્ડો-અમેરિકન લિટરરી અકાદમીના ઉપક્રમે કાર્યક્રમ

૧૯ જુલાઈએ બાર્ન્સ અને નોબલમાં ડૉ. મણિલાલ હ. પટેલનું પ્રવચન ગોઠવાયું હતું અને એમના હસ્તે પ્રવીણ પટેલ 'શશી'ના વાર્તાસંગ્રહ 'આંખ આડે પાંપણ'નું વિમોચન થયું હતું. ત્યારબાદ જનક નાયકે સ્વરચિત ગઝલો રજૂ કરી હતી. ઉપસ્થિત કેટલાક કવિઓએ પણ પોતાની સ્વાતંત્ર્યવિષયક રચનાઓ રજૂ કરી હતી.

## રાજેશ વ્યાસ 'મિસ્કીન'નું વ્યાખ્યાન

૧૯ ઑગસ્ટના રોજ રાજેશ વ્યાસ 'મિસ્કીને' ગુજરાત વિશ્વકોશભવનમાં 'ગઝલમાં રજૂઆત અને પઠનકલા' પર વ્યાખ્યાન આપ્યું હતું. મિસ્કીનનો પરિચય પ્રફુલ્લ રાવલે આપ્યો હતો અને આભારવિધિ પ્રીતિ શાહે કરી હતી.

## શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન આયોજિત વિદ્યાર્થી વાંચન-અભ્યાસ શિબિર

શ્રી મનુભાઈ પંચોળી-દર્શક ફાઉન્ડેશન દ્વારા ગ્રામભારતી – અમરાપુર મુકામે તા. ૨૫-૧૦-૨૦૦૯થી ૨૯-૧૦-૨૦૦૯ સુધી પાંચ દિવસનો વાંચન-અભ્યાસ શિબિર યોજાશે.

શિબિરમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરી માર્ગદર્શન માટે પાંચે દિવસ ઉપસ્થિત રહેશે, સંચાલન શ્રી મનસુખભાઈ સલ્લા અને અન્ય અધ્યાપકો કરશે.

શિબિરનો અભ્યાસવિષય 'ગાંધીજીના પુરોગામી અને અનુગામી વિચારકો' છે. શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ આ સંદર્ભે ઓછામાં ઓછું કોઈ એક પુસ્તક વિષે પોતાનો સ્વાધ્યાય લેખિત સ્વરૂપે તૈયાર કરીને સાથે લાવે તે અનિવાર્ય છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને શિબિરસ્થળે આવવા-જવાનું એક્સપ્રેસ બસનું પ્રવાસખર્ચ દર્શક ફાઉન્ડેશન તરફથી આપવામાં આવશે. ભોજન તથા નિવાસવ્યવસ્થા ફાઉન્ડેશન તરફથી કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાની અંગત જરૂરિયાતની વસ્તુઓ તથા વાંચન અને લેખનસામગ્રી લઈને આવશે.

વિદ્યાર્થીઓને પત્રવ્યવહારનું પોતાના ઘરનું સરનામું, ફોન નંબર અને પોતાનો પરિચય તથા એક લખાણ મોકલવા નિમંત્રણ છે. લખાણને આધારે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. બધી વિગતો નીચેના સરનામે તા. ૭-૯-૨૦૦૯ સુધીમાં મોકલવી :

સંયોજક, દર્શક ફાઉન્ડેશન, C/o. રંગદ્વાર પ્રકાશન, ૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫

## હ્યુમન સોસાયટી ઑફ ઈન્ડિયા દ્વારા સાહિત્યક્ષેત્રે જુદાં જુદાં એવૉર્ડ અપાશે

નડિયાદ સ્થિત હ્યુમન સોસાયટી ઑફ ઇન્ડિયા દ્વારા નવલકથાક્ષેત્રે કનૈયાલાલ માણેકલાલ મુનશી એવૉર્ડ, નવલિકા તથા વાર્તાસંગ્રહ માટે ધૂમકેતુ એવૉર્ડ, કાવ્ય-ગઝલક્ષેત્રે ઉમાશંકર જોષી એવૉર્ડ તથા એક વિશિષ્ટ એવૉર્ડ રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ એવૉર્ડ, લોકસાહિત્યક્ષેત્રે ઝવેરચંદ મેઘાણી એવૉર્ડ, નિબંધ-લેખ-રેખાચિત્ર માટે કાકાસાહેબ કાલેલકર એવૉર્ડ, નાટ્યક્ષેત્રે જયશંકર સુંદરી એવૉર્ડ, હાસ્ય વિભાગ માટે જ્યોતીન્દ્ર દવે એવૉર્ડ, વિવેચનક્ષેત્રે વિશ્વનાથ મગનલાલ ભટ્ટ એવૉર્ડ અને બાળસાહિત્ય માટે ગિજુભાઈ બધેકા એવૉર્ડ જાહેર કરાયા છે.

આ એવૉર્ડ માટે ૨૦૦૫થી આજ સુધી ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકો / ગ્રંથોની બે નકલો મોકલવી જરૂરી છે. પુસ્તકોની બે નકલો સાથે લેખકે પોતાના તાજેતરમાં પડાવેલાં પાસપૉર્ટ સાઇઝના બે ફોટા તથા પોતાનો પૂરો પરિચય પણ મોકલવો જરૂરી છે. કૃતિ મોકલવાની અંતિમ તારીખ ૨૫ સપ્ટેમ્બર છે. પત્રવ્યવહાર તથા કૃતિ મોકલવા પ્રકાશ બી. રાવ, હ્યુમન સોસાયટી ઑફ ઇન્ડિયા, જૂના રાવપુરા, કુબેર સ્મૃતિ, જી.પી.ઓ.થી આગળ, નડિયાદ-૩૮૭૦૦૧, જિ. ખેડા (ગુજરાત), ફોન : ૦૨૬૮-૨૫૪૯૨૭૦, મોબાઇલ : ૯૮૨૪૯ ૩૦૪૬૫ તથા શ્રી સતીશ ડણાક, ૧૮, સયાજી સોસાયટી, કારેલીબાગ, વડોદરા, ફોન : ૦૨૬૫-૨૪૬૨૯૪૭નો સંપર્ક કરવો.

r